# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ — સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૪૪ • ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## ગાંધી મહેન્દ્ર ચત્રભૂજ એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા મહિલા ઉત્કર્ષ માટે રૂ. ૬ લાખની શિક્ષણ સહાયનું વિતરણ




શિશુવિહાર સંસ્થાનાં સ્થાપક સભ્ય અને સંસ્થાની અનેકવિધ મહિલા સશક્તિકરણ પ્રવૃત્તિનાં પ્રેરણાસ્રોત સ્વ.હીરાબહેન ભટ્ટની સ્મૃતિમાં ૨૪મો મહિલા ઉત્કર્ષ સમારોહ તા.૨૫ ડિસેમ્બરે દક્ષિણામૂર્તિ લોકશાળા આંબલામાં યોજાઇ ગયો. લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાજેન્દ્રભાઇ ખિમાણીની અધ્યક્ષતામાં યોજાયેલ સમારોહમાં જિલ્લાની નઈ તાલીમ વિચારસરણી સાથે જોડાયેલ ૧૦ શાળાઓની ૨૦૦ વિદ્યાર્થિનીઓને રૂ. ૬ લાખની શૈક્ષણિક સહાય આપવામાં આવી. દક્ષિણામૂર્તિ લોકશાળાની બહેનોની પ્રાર્થનાથી પ્રારંભાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત વિદ્યાર્થિનીઓ દ્વારા થયું હતું.

ધોરણ ૧૦ અને ૧૨માં કોઇ તેજસ્વી દીકરી આર્થિક કારણોસર શિક્ષણની મુખ્ય ધારામાંથી બહાર ન રહી જાય તેવા સંસ્થાગત હેતુથી પ્રારંભાયેલ અને છેલ્લા ૨૪ વર્ષમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને પહોંચાડવામાં આવેલ રૂ. ૬૬ લાખની માતબર શૈક્ષણિક સહાયનો અહેવાલ સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઇએ આપ્યો હતો.





આ ઉપક્રમે દાતાશ્રી ગૌરાંગભાઇ રજનીભાઇ ગાંધી પરિવાર તેમજ મંચસ્થ મહાનુભાવોએ વિનય વિહાર કેળવણી સહાય મંડળ-વાળુકડ, લોક કલ્યાણ વિદ્યાલય-માઇધાર, લોકસેવક સંઘ-થોરડી, લોક નિકેતન ટ્રસ્ટ-બેલા, ગ્રામ દક્ષિણામૂર્તિ-મણાર, કન્યા વિદ્યાલય-વળાવડ, સર્વોદય સરસ્વતી મંદિર-બાબાપુર, ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલા, કસ્તુરબા વિદ્યાલય-પાણીયાળી, લોકશાળા-ખડસલી શાળાની ૨૦૦ બહેનોને પ્રત્યેકને રૂ.૩,૦૦૦-ની શૈક્ષણિક સહાયનું વિતરણ કર્યુ હતું. સવિશેષ લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના કુલપતિ ડૉ. રાજેન્દ્રભાઇ ખિમાણીના વરદ હસ્તે દાતાશ્રીનું અભિવાદન કરાયું હતું.





સ્વ.હીરાબહેન માનભાઇ ભટ્ટ પરિવારના પ્રતિનિધિ શ્રી હરીશભાઇ ભટ્ટ તેમજ નઈ તાલીમ સંઘની લોકશાળાઓનાં આચાર્યોની ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહમાં ડૉ. રાજેન્દ્રભાઇએ બહેનો શિક્ષિત બને તેમજ પોતાની આવડતથી સ્વનિર્ભર રહે તે માટેના શિશુવિહારનાં પ્રયત્નોને બિરદાવતા નઈ તાલીમની શાળા વ્યવસ્થામાં સ્પર્ધામુકત સ્વસ્થ નાગરિક ઘડતરનાં કાર્યને પ્રાધાન્ય આપવા આગ્રહ કરવામાં આવેલ.

આંબલા ગ્રામ દક્ષિણામૂર્તિનાં સંગીતવૃંદ તથા મોજીલી શાળાનાં વિદ્યાર્થીઓની નૃત્ય પ્રસ્તુતિ સાથે કાયક્રમનું આભાર દર્શન શ્રી સુરસંગભાઇ ચૌહાણે કર્યુ હતું. શ્રી મુકેશભાઇ મહેતાના સુચારું સંકલનથી કાર્યક્રમ બાદ ઉપસ્થિત વિદ્યાર્થી શિક્ષકોએ સહ-ભોજનનો આનંદ લીધો હતો.




તંત્રી, પ્રકાશક, મુદ્રક : ડૉ. નાનકભાઇ ભટ્ટ

પ્રકાશન સ્થળ

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile: 7043332100, 9574915736

## શ્રી માનભાઈ ભટ્ટ નાગરિક સન્માન - ૨૦૨૩ સન્માનિત શ્રી



● **ડૉ. જે.જે. રાવલ :** ભારતના પ્રસિદ્ધ ખગોળ વૈજ્ઞાનિક ડૉ.રાવલ સાહેબે (જન્મ : ૩૦-૩-૧૯૪૩) એમ.એસ.સી એપ્લાઇડ મેથેમેટિક્સ, એમ.એસ.સી. પ્યોર મેથેમેટિક્સ અને એમ.ફીલ.ની પદવી મેળવી છે. એસ્ટ્રો ફિઝીક્સમાં પી.એચ.ડી.ની પદવી, ટી.આઇ.એફ.આર. દ્વારા પ્રો.જયંત નારલીકર, પ્રો.સુકુમાર વિશ્વાસ, અને પ્રો. એસ.એમ. ચિત્રેના વડપણ નીચે મુંબઇ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરેલ છે. તેમણે મુંબઇ સેન્ટરના નહેરુ પ્લેનેટોરિયમના ડિરેક્ટર તરીકે ૨૫ વર્ષ સુધી સેવા બજાવી છે. તેઓ ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના સ્થાપક-પ્રમુખ છે. ડૉ.રાવલસાહેબ ગુજરાત એકેડેમી ઓફ સાયન્સ, અમેરીકન એસ્ટ્રોનોમિકલ સોસાયટી, નેશનલ એકેડેમી ઓફ સાયન્સ ઓફ ઈન્ડિયા જેવી અનેક સાયન્ટિફિક સોસાયટીના સભ્ય રહ્યા છે. તેઓ પ્લેનેટોરિયમ, વિજ્ઞાનકેન્દ્રો તેમજ કાઉન્સિલ ઓફ ટેકનોલોજી એન્ડ એનવાયરમેન્ટની સલાહકાર સમિતિઓમાં સભ્ય છે. તેમણે મુંબઇ યુનિવર્સિટીના એમ.એસ.સી.ના અંતિમ વર્ષમાં ભૌતિક પદાર્થવિજ્ઞાનના વિઝીટીંગ પ્રોફેસર તરીકે ૧૬ વર્ષ સેવાઓ આપી છે. મલેશિયાની યુનિવર્સિટી ઓફ મલાયા અને ઓસ્ટ્રેલિયાની મોનાર્સ યુનિવર્સિટીમાં વિઝીટીંગ પ્રોફેસર તરીકે આમંત્રિત પ્રાધ્યાપક રહી ચુકયા છે.

ડૉ.રાવલ ઈન્ડિયન ફિઝીક્સ એસોસિએશન મુંબઈ ચેપ્ટર, બોરીવલી જનસેવા કેન્દ્ર, એમ. આઈ.પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રો ફિઝીક્સ, આણંદ જિલ્લાના ચાંગા સ્થિત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જેવી અનેક સંસ્થાઓનાં સ્થાપક, હોદ્દેદાર, પ્રોફેસર તરીકે પણ સેવા પ્રવૃત્ત રહ્યા છે. ડૉ.રાવલસાહેબે સૂર્યમંડળ અને ગ્રહોના ઉપગ્રહમંડળના જન્મ, વિકાસ અને રચનાનો તેમજ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ જેવા અનેક વિષય પર સંશોધન કર્યા છે. તેમના કુલ ૪૦ સંશોધનપત્રો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સંશોધન સામયિકમાં પ્રસિદ્ધ થયા છે. તેમણે ખગોળ વિજ્ઞાન પર વિવિધ અખબારો, સમયિકોમાંહિન્દી, ગુજરાતી, અંગ્રેજીમાં ૪૦૦૦ લેખ લખ્યા છે. ભારતની શાળા, મહાશાળા, વિશ્વવિદ્યાલય, સામાજિક સંસ્થાઓમાં એટલી જ સંખ્યામાં વ્યાખ્યાનો અને ૮૦થી વધુ રેડિયો-ટીવી વાર્તાલાપ આપ્યા છે. તેમણે ખગોળવિજ્ઞાન અને વિજ્ઞાન પર ૨૦ પુસ્તિકાઓ લખી છે.

નાગરિક અભિવાદનથી સન્માનિત શ્રી જે.જે. રાવલને ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીની વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ માટે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયો છે. ઉપરાંત મહાવીર ફાઉન્ડેશન ચેન્નાઈ, મરાઠી વિજ્ઞાન પરિષદ, શ્રીમતી મનોરમાબાઇ આપ્ટે પુરસ્કાર, ગુજરાત રત્ન એવોર્ડ જેવા અનેક સન્માન પ્રાપ્ત થયા છે. તેમના સૂર્યમંડળના સંશોધન માટે મરાઠી વિજ્ઞાન મહાસંઘ અને મરાઠી વિજ્ઞાન પરિષદના સંયુકત ઉપક્રમે તેમનું સન્માન કરવામાં



આવ્યું હતું. ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ કલબ તરફથી એવૉર્ડ પ્રાપ્ત થયેલ છે. ૨૦૧૦માં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમનું જાહેર સન્માન કર્યુ હતું.

ડૉ. રાવલસાહેબને પ્લેનેટોરિયમ, વિજ્ઞાન કેન્દ્ર, વિજ્ઞાન સંશોધન, વિવિધ પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પરિષદો યોજવાનો ૩૫ વર્ષનો વિશાળ અનુભવ છે. તેઓ વૈજ્ઞાનિક અભ્યાસ, સંશોધન અને વીઝીટીંગ ફેલોશીપ માટે જાપાન, અમેરીકા, જર્મની, ઓસ્ટ્રેલીયા વગેરે દેશોની અનેકવાર મુલાકાતે જતા રહ્યા છે. ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી અને જય સહજાનંદ ઉત્કર્ષ કેળવણી મંડળના ઉપક્રમે એસ્ટ્રોનોમી, એસ્ટ્રો ફિઝીક્સમાં ફાઉન્ડેશન, ડિપ્લોમા કોર્સ ચલાવે છે. જે અભ્યાસક્રમ વિદ્યાર્થીઓના ફંડામેન્ટલ્સને સ્પષ્ટ કરે છે. ડૉ. રાવલ સાહેબને સંગીત, ગાયન, ચિત્રકળા, વાંચન, કલા, ઈતિહાસ, દર્શનશાસ્ત્ર, પુરાતત્વશાસ્ત્ર અને પ્રવાસનો શોખ છે. ખગોળવિજ્ઞાનના અભ્યાસ, સંશોધન અને વિસ્તરણમાં નિરંતર મગ્ન અમેરિકાની પ્લેનેટરી સોસાયટી અને નાસાએ પણ જેમના કામોની નોંધ લીધી છે તેવા ડૉ.રાવલસાહેબનું સન્માન વિજ્ઞાન ક્ષેત્રે ઉત્સુક સૌ જિજ્ઞાસુઓ માટે પથદર્શક સિદ્ધ થશે.

સંપર્ક : ૯૩૨૧૬૯૩૯૩૦

## શ્રી માનભાઈ ભટ્ટ નાગરિક સન્માન - ૨૦૨૩ સન્માનિત શ્રી



● **ડૉ. નરેશચંદ્ર લક્ષ્મીદાસ વેદ :** ગુજરાતમાં ત્રણ યુનિવર્સિટીમાં સમર્પિત કુલપતિ તરીકે ગૌરવાન્વિત વ્યક્તિત્વ ધરાવતા ડૉ. વેદસાહેબે (જન્મ : ૩-૩-૧૯૪૮) એમ.એ., પી.એચ.ડી. પદવી પ્રાપ્ત કરી છે. ૧૯૬૯ થી ૨૦૧૩ સુધી સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ લેકચરથી પ્રોફેસર, અધ્યક્ષ સુધીનો અધ્યાપન કાર્યનો ૪૮ વર્ષનો વિશાળ અનુભવ ધરાવે છે. જ્યારે ૪૪ વર્ષથી સંશોધન કાર્યમાં જોડાયેલા છે. તેમના માર્ગદર્શન હેઠળ ૩૫ વિદ્યાર્થીઓએ એમ.ફીલ.ની અને ૧૧ વિદ્યાર્થીઓએ પી.એચ.ડી. પદવી પ્રાપ્ત કરી છે. તેમણે ૨૦૦૯માં વલ્લભ-વિદ્યાનગરમાં એકેડેમિક સ્ટાફ કોલેજની સ્થાપના કરી અને ૪ વર્ષ સુધી તેમાં પ્રોફેસર, ડાયરેકટર તરીકે અદ્વિતીય સેવાઓ આપી. તે પૂર્વે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રો. વાઇસ ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તથા ભાવનગર યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે નોંધનીય સેવાઓ આપી છે. ડૉ. નરેશભાઇ વેદની અધ્યાપન, સંશોધન, લેખન, પ્રવચન, સંપાદન અને અનુવાદની પ્રવૃત્તિઓ આજે પણ નિરંતર રીતે ચાલતી રહી છે. શિક્ષણ, સાહિત્ય, ધર્મ, અધ્યાત્મ જેવા અનેક વિષયો વિશે તેમના ૩૦૦થી વધારે લેખો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થઇ ચૂકયા છે. ૩૦ પુસ્તકો પ્રગટ પણ થયાં છે.

ડૉ.વેદ સાહેબે વેસ્ટર્ન રેલવે ભારત સરકાર, એકેડેમિક સ્ટાફ કૉલેજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી અને રાજસ્થાન યુનિવર્સિટીના સલાહકાર, અખિલ

ભારતીય સાહિત્ય પરિષદ આણંદ અને ગુજરાત એકમના પૂર્વ અધ્યક્ષ, કેન્દ્રીય વિદ્યાલય અમદાવાદ, એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર અમદાવાદ, જનશિક્ષણ સંસ્થાન અમદાવાદ, નેશનલ બુક ટ્રસ્ટ ન્યૂ દિલ્હીના પૂર્વ અધ્યક્ષ તરીકે વિશિષ્ટ સેવાઓ આપી છે. તેઓ ગુજરાત અને ભારતની નામાંકિત ૧૬થી વધુ સંસ્થાઓ, સમિતિઓ જેવી કે પ્રિપેરેશન ફોર પ્રાઈવેટ યુનિવર્સિટી બીલ કમિટી ગુજરાત સરકાર, કમિટી ફોર કોમન એક્ટ ફોર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગ્લોબલ પાર્ટનરશીપ પ્રોગ્રામ કમિટી યુજી.સી., ન્યૂ દિલ્હી, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ કમિટી યુજી.સી., પુરસ્કાર નિર્ણાયક સમિતિ કે.કે. બિરલા ફાઉન્ડેશન ન્યૂ દિલ્હી પુરસ્કાર નિર્ણાયક સમિતિ ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ, કેન્દ્રીય સાહિત્ય અકાદમી ન્યૂ દિલ્હી, કમિટી ફોર નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન ફોર ડિફરન્ટ સ્ટેટસ કૉલેજિસ એન્ડ યુનિવર્સિટી, ચારુસેટ યુનિવર્સિટી, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન અને નેશનલ પબ્લિક સર્વિસ કમિશન સાથે સંકળાયેલ છે.

ડૉ. નરેશભાઈ વેદ અનેક સંસ્થાઓના એવૉર્ડ, ઈનામ, પુરસ્કારોથી સન્માનીત થયા છે જેમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, સર્વપલ્લી રાધાકૃષ્ણન ઈન્ટરનેશનલ એવૉર્ડ યુનો, પ્રિયદર્શિની એકેડમી મુંબઇ, હરિ ૐ આશ્રમ નડિયાદ, ગુજરાત સાહિત્ય એકેડમી, મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર, તિરૂપતિ દેવસ્થાન, ગૌરવ પુરસ્કાર, બી.વી.એમ. યુનિવર્સિટી વલ્લવિદ્યાનગર ઈત્યાદી નોંધનીય બને છે.

ડૉ. વેદ સાહેબ વાચન, લેખન, પ્રવચન, સંશોધન, સંપાદન, પ્રવાસ, સંગીત, કટારલેખન સાથે શોખથી સંકળાયેલ રહે છે. તેમણે ૨૫ વર્ષ દરમિયાન નિયમિતપણે સ્વામીશ્રી પ્રેમપુરી અધ્યાત્મવિદ્યા ભવન મુંબઇમાં ૨૦૦થી વધારે આધ્યાત્મિક વિષયો પર વ્યાખ્યાનો આપેલા છે. ગુજરાત અને દેશની પ્રતિષ્ઠિત નામાંકિત વ્યાખ્યાનમાળાઓ, પ્રસાર માધ્યમોમાં અનેક વિષયો પર વ્યાખ્યાનો પ્રસ્તુત કર્યા છે. યુરોપ, એશિયા અને આફ્રિકાના અનેક દેશોના પ્રવાસો કરેલા છે. ઉચ્ચશિક્ષણનાં ક્ષેત્રે અધ્યાપન, સંશોધન અને વહીવટનો તટસ્થ, પારદર્શક અનુભવી, પ્રસિદ્ધ ચિંતક, લેખક ડૉ.વેદસાહેબનું સન્માન શિક્ષણવિશ્વ માટે ઉદાહરણીય છે.

સંપર્ક : ૯૭૨૭૩૩૩૦૦૦

## શ્રી માનભાઈ ભટ્ટ નાગરિક સન્માન - ૨૦૨૩ સન્માનિત શ્રી



**● વસંતભાઈ ગઢવી :** શ્રી વસંતભાઈ ગઢવીએ ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં પ્રસંશનીય કામગીરી બજાવી છે. તેઓ કચ્છ જિલ્લા વિકાસ અધિકારી, રાજકોટ, સુરત અને અમદાવાદ જિલ્લાના કલેકટર, જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન વિભાગના અધિક નિયામક, જી.એસ.એફ.સી. અને જી.એમ.ડી.સી માં મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થાપન, પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના ચેરમેન તરીકે વિશાળ અનુભવે



પ્રામાણિકતાથી લોક કલ્યાણના અસાધારણ કામો કર્યા છે. શ્રી ગઢવી અગ્રસચિવ મહેસૂલ અને જમીન સુધારણાના કમિશ્નર પદેથી ૨૦૧૩માં નિવૃત્ત થયા છે. ભારતીય વહીવટી સેવા આઇ.એ.એસ.માંથી નિવૃત્ત થયા બાદ તેમની ગુજરાત માહિતી આયોગમાં કમિશ્નર અને ત્યારબાદ મુખ્ય કમિશ્નર પદે નિયુક્તિ થઇ હતી. તેઓ હાલમાં અદાણી ફાઉન્ડેશન તેમજ અદાણી સ્કિલ ડેવલપમેન્ટ કંપનીમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદે જન સેવાના કાર્યોમાં સક્રિય છે. ગુજરાત અદાણી મેડિકલ સાયન્સ સંસ્થા ભુજમાં નિયામક છે. ગુજરાતમાં પ્રામાણિક અને પારદર્શકઅધિકારી તરીકે લોકચાહના પ્રાપ્ત શ્રી વસંતભાઇ ગઢવી સાહિત્યમાં પણ ઊંડો રસ ધરાવે છે. ગુજરાતના ચાર વર્તમાનપત્રો તેમજ જાણીતા સામયિકોમાં નિયમિતપણે તેમના અભ્યાસપૂર્ણ લેખો પ્રકાશિત થાય છે. ગઢવીસાહેબનું સન્માન એટલે વહીવટમાં નિષ્ઠા અને પારદર્શીતાનું સન્માન, શ્રી વસંતભાઇનું નાગરિક અભિવાદન એટલે અનુભવજન્ય વહિવટ અને સાહિત્યનો સમુચિત સમન્વય કરનારા સમર્પિત સંનિષ્ઠ અધિકારીપદનું ગૌરવ.

સંપર્ક : ૯૦૯૯૯૯૧૦૬૩

## શ્રી માનભાઈ ભટ્ટ નાગરિક સન્માન - ૨૦૨૩ સન્માનિત શ્રી



**● સોનલબહેન પરીખ :** મહાત્મા ગાંધીજીનો મૂલ્યવાન વારસો ધરાવતાં સોનલબહેન મહાત્મા ગાંધીના પૌત્રીના પૌત્રી છે ઉપરાંત કવયિત્રી, લેખીકા અને પત્રકાર પણ છે. તેઓ ગુજરાતી સાહિત્ય સાથે એમ.એ. (ગોલ્ડ મેડલ), બી.એડ્. અને યુ.જી.સી. કંઠ્ય સંગીતમાં વિશારદ થયાં છે. તેમનું સ્વપ્ન હતું પ્રોફેસર થવાનું પણ નિયતિ તેમને પત્રકારત્વમાં લઇ ગઈ. મૂળ તો કવયિત્રી પણ સંજોગો પોઝમાં લઇ ગયા. અંગત જીવનમાં પણ ન ધારેલા વળાંકો આવ્યા અણધારી દિશાઓ ખુલી. તેઓ કહે છે કે આખી યાત્રામાં ખૂબ શીખવા મળ્યું, પ્રસન્નતાની પ્રાપ્તિ થતી રહી.

૩૫ વર્ષના મુંબઇ વાસ દરમિયાન ગાંધીજીના સ્મારક મણિભવન અને મુંબઇ સર્વોદય મંડળમાં રિસર્ચ અને વહીવટી કામનો અનુભવ મેળવ્યો. 'નવનીત સમર્પણ' અને 'જન્મભૂમિ પ્રવાસી'માં પત્રકારત્વ ક્ષેત્રે યોગદાન આપ્યું. ૨૦૦૦ની સાલથી સ્વતંત્ર લેખનમાં વેગ આવ્યો. તેમનાં પુસ્તકોમાં દસેક અનુવાદ, બે કાવ્યસંગ્રહ અને ત્રણ નવલકથા ઉપરાંત લેખ સંગ્રહો અને છ ગાંધી પુસ્તકો મળીને પચીશથી વધારે પુસ્તકો થયા છે. પાંચ પરિચય પુસ્તિકાઓ પ્રકાશિત થઇ છે. ૧૦ વર્ષથી જન્મભુમિ પ્રવાસી, ફુલછાબ, કચ્છમિત્ર જેવા અખબારોમાં તેમજ પ્રબુદ્ધજીવન સામાયિકોમાં વિવિધ વિષયો પર કોલમ ચાલે છે. વિચારવલોણુંમાં પણ પુસ્તક પરિચયની કોલમ ચલાવેલી. એક કોલમ ફિલ્મ સંગીતનાં સુવર્ણકાળના ગીતો વિશેની દસ વર્ષથી ચાલે છે.

તેમની કૃતિઓને અનેક પારિતોષિક મળ્યાં છે. ટ્રાન્સજેન્ડર વિશેની નવલકથા 'ને

સમય જાગ્યા કરે' ને મહારાષ્ટ્ર અને ગુજરાત સાહિત્ય અકાદમી બંનેએ શ્રેષ્ઠ નવલકથા તરીકે સન્માનીત કરી છે.આ અને બીજી નવલકથા 'દેવહુમા' ત્રણ અખબારોમાં ધારાવાહિકરૂપે પ્રગટ થઇ હતી. 'બા મહાત્માના અર્ધાંગિની'ને સાહિત્ય અકાદમી દિલ્હીનો શ્રેષ્ઠ અનુવાદ એવૉર્ડ મળ્યો છે. તેમણે ૩૦૦થી વધારે પુસ્તકોના અવલોકન લખ્યાં છે. જાણીતા સામયિકોમાં લેખો, વાર્તાઓ, કાવ્યો સ્થાન પામતા રહે છે. એક પુસ્તક વિશ્વકોશની એક સ્પર્ધામાં પુરસ્કૃત થયું હતું. ગાંધી પુસ્તકો પૈકી એક છે. 'ગાંધી એન્ડ ધી અનસ્પીકેબલ-ધી ફાઇનલ એકસપેરિમેન્ટ ઓફ ટુથ' નો અનુવાદ. ગુજરાત વિદ્યાપીઠમાં આયોજિત તેના વિમોચન પ્રસંગે તેના મુળ અમેરીકન લેખક જીમ ડગ્લાસ પણ હાજર હતા.

કોરોના પછી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરાના 'આંતરરાષ્ટ્રીય ગાંધી અનુશીલન કેન્દ્ર' ગાંધી ભારતીમાં કો-ઓર્ડિનેટર તરીકે નોંધનીય સેવા આપી છે. લોકભારતી ગ્રામ યુનિવર્સિટીના સામયિક 'કોડિયું' નું સંપાદન કર્યુ. વિદ્યાર્થીઓને ગાંધીમૂલ્યો શીખવવા અથાગ પ્રયત્નશીલ રહ્યા છે. ઓછું ભણેલા લોકો અને તરુણ વિદ્યાર્થીઓને રસ પડે તેવી રીતે ગાંધીજીનું જીવન, પાંચ પુસ્તિકારૂપે તૈયાર કર્યુ. દરેક ટર્મમાં એક કોર્સ એમ છ સેમેસ્ટર ભણાવી શકાય તેવો એક ગાંધી વિષયે સમગ્ર અભ્યાસક્રમ પર કામ કર્યુ.

ઓકટોબરમાં નિવૃત્તિ લઈ હવે દિકરાને ત્યા કર્ણાટકના હિલ સ્ટેશન કુર્ગમાં રહે છે. લેખન, વાંચન, સંગીત અને પૌત્રી સાથે શાંતિમય અને સર્જનાત્મક જીવનની અનુઘુતી થયા કરે છે. વિખ્યાત વિચારક, લેખિકા અને પત્રકાર સોનલબહેનનું સન્માન ગાંધીમાર્ગના પ્રવાસીઓ માટે પ્રેરણાદાયી છે.

સંપર્ક : ૯૮૩૩૭૦૮૪૯૪

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



● ગરીબ વિદ્યાર્થીઓ તથા રોજીરોટી માટે એક સ્થળેથી બીજે સ્થળે જતા શ્રમિકો માટે સાધન સહાય તરીકે સાયકલનું વિતરણ કરતા શ્રી પ્રમોદભાઈ વોરા દ્વારા સતત ૨૩ માં



વર્ષે ૧૦૦ સાયકલનું વિતરણ કરવામાં આવ્યું છે. ભાવનગરનાં જાણીતા સેવા નિષ્ઠ નાગરિક શ્રી વિનુભાઇ ગાંધી, નિશીથભાઇ મહેતા, ડૉ. દેવાંગભાઇ દોશી તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા. ૩ ડિસેમ્બરે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ ૧૦૦માં સાયકલ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રમતવીર બહેનોને સાયકલ આપવામાં આવી. શાળા-કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે છેલ્લા ૨૩ વર્ષથી યોજાતા કાર્યક્રમો સાથે જાણીતી બનેલ હવાના પરબની પ્રવૃત્તિનો પણ વિસ્તાર શ્રી પ્રમોદભાઇ દ્વારા થાય છે જેની સરાહના થઇ હતી. જાણીતા કવયિત્રી શ્રી સુચિતાબહેન કપૂરના સંચાલન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં શિશુવિહાર સંસ્થા દ્વારા તમામ દાતાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઇ ભટ્ટે સૌનું સ્વાગત કરી લોકસેવક શ્રી માનભાઇ ભટ્ટ દ્વારા ૧૯૬૮માં તૈયાર કરવામાં આવેલ સાયકલ સંભાળ પુસ્તિકાની વાત કરવામાં આવી હતી. ૩૦૦ નાગરિકોના ભોજન સાથે સંપન્ન થયેલ કાર્યક્રમનું સ્નેહ સંકલન શ્રી પ્રમોદભાઇ દ્વારા થયું.....

● ૪૦ વર્ષ પહેલા મોરારિબાપુના રકતદાનથી તેમના દ્વારા જ ઉદ્દ્ઘાટીત એવી ભાવનગર બ્લડ બૅંકનો ૪૧ મો વાર્ષિક સમારોહ ૧૧ ડિસેમ્બરે શિશુવિહારના પ્રાંગણમાં પૂજ્ય મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.




ઋણ સ્વીકાર સન્માન સમારોહમાં રકતદાતા, રકતદાન કેમ્પ આયોજીત કરતી સંસ્થાઓ અને આર્થિક સહયોગ આપનાર દાતાઓના સન્માન થયા. સમારંભમાં પૂજ્ય મોરારિબાપુ દ્વારા ઉદ્યોગપતિ રમેશભાઈ શાહ, બિપીનભાઈ તંબોળી, મ્યુ.કમિશ્નર એન.વી. ઉપાધ્યાય, મેયર ભરતભાઈ બારડ, ભાવનગર યુવરાજ શ્રી જયવીરસિંહજી તથા ભાવનગર બ્લડ બૅંકના સુત્રધારોનું સન્માનપત્રથી અભિવાદન થયું હતું. આ પ્રસંગે મોરારિબાપુએ બ્લડ બૅંકના ૪૦ વર્ષ પહેલા થયેલા પ્રારંભને યાદ કરી સંસ્થાની આરોગ્ય સેવાને બિરદાવી હતી. રકતદાતાઓ અને આર્થિક સહયોગ આપનાર

દાતાઓને બિરદાવ્યા હતા. મોરારિબાપુએ જણાવ્યું હતું કઠીન ધર્મ સેવા છે. જેના હાર્દમાં માણસમાં રહેલ સંવેદના છે. ભાવનગર બ્લડ બેંકના ૪૧ માં વાર્ષિક સમારોહમાં સર્વે આમંત્રિત ૫૦૦ થી વધુ નાગરિકોએ ભોજનનો આનંદ લીધો હતો.

● સૂરસંગમ કલા સંસ્થાના ઉપક્રમે 'સપ્ત સૂરી સંધ્યા' નો ૭૭ મો ફિલ્મીગીતોનો કાર્યક્રમ ૧૭ ડિસેમ્બરે યોજાયો. શ્રી ખુશમનભાઈ જોશીના સંકલન સાથે શિશુવિહાર સંસ્થાના રંગમંચ પર યોજાયેલ કાર્યક્રમને મ્હાણવા માટે ૨૫૦ થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● સુમીટોમો એકસેલ એકસપ્રેશનનો ૨૫ મો કાર્યક્રમ તા. ૧૫ થી ૨૪ ડિસેમ્બર દરમ્યાન ત્રણ તબક્કામાં યોજાયો.



ચિત્ર, ગાયન, નૃત્ય, સમાચાર વાંચન પ્રકારે વિવિધ ૧૧ ઈવેન્ટમાં પ્રાથમિક શાળાના ૮૪૭ વિદ્યાર્થીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનાં ૧૪૫૧ તથા શહેરની વિવિધ ૨૬ કૉલેજના ૫૭૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ભાવનગરનાં સંસ્કૃતિક વારસાને ઉજાગર રાખવા સતત ૨૫માં વરસે શિશુવિહાર પ્રાંગણમાં યોજાતા કાર્યક્રમમાં ભાગ લેનાર ૨૮૬૮ વિદ્યાર્થીઓનો ઉત્સાહ આશા વર્ધક રહ્યો. શ્રી સતીષભાઈ મહેતા, નરેશભાઈ ભટ્ટ, વનરાજસિંહ ચાવડા તથા શ્રી ચેતનભાઈ પરમારનાં સહયોગથી એકસલ ઈન્ડસ્ટ્રીઝની ભાવનગર પ્રત્યેની સામાજિક જવાબદારી અન્ય ઉદ્યોગ ગૃહો માટે પ્રેરણાદાયી બને છે.

● શ્રી કેતન આવસત્થીની પરિકલ્પના સાથે નટરાજ કલા સંસ્થાનો ૧૫૩મો 'સુહાના સફર' ભાગ-૨ ફિલ્મીગીતોનો કાર્યક્રમ ૨૪ ડિસેમ્બરે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. કાર્યક્રમને માણવા ૩૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

● વર્ષ ૨૦૨૩ના અંતિમ દિવસે શ્રી કાદરભાઈ શેખ દ્વારા પાશ્વ ગાયક મહમદ રફી સાહેબની ૧૦૦મી જયંતી ઉજવવામાં આવી. જાણીતા ગાયક શ્રી સમીર ખોખર તથા તન્વીર ખોખરનાં કંઠથી પ્રસ્તુત ગીતોનો રંગમંચ પ્રસ્તુતિ માણવા ૩૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.



## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર :

માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા '૮૪' રહી હતી. જેમાં ૯ બાળકોનાં જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતાં, બાળકોમાં સમુહ ભાવના કેળવવા હેતુ પાંચ સમુહ પ્રવૃત્તિ જેવી કે હળવી રમતો, વિવિધ રમકડા બતાવવા, ગ્લોઝ પપેટ્સ, બાળવાર્તા તથા બાળદેવનની મુલાકાત કરાવી હતી. બાળવયથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવવા હેતુસર લોહચુંબક, હવાનું દબાણ, ઝુલતી મીણબત્તી અને તરતી-ડૂબતી વસ્તુઓના વૈજ્ઞાનિક પ્રયોગો બતાવાયા હતા. આ માસ દરમ્યાન બે વખત પ્રદર્શન યોઠવાયા હતા. જેમાં હેન્ડ પપેટ્સ અને વિવિધ રમતના સાધનો વિશે સમજણ આપી હતી. આ પ્રદર્શનના લાભાર્થી બાળકો અને વાલીઓની કુલ સંખ્યા '૯૦' રહી હતી. બાલમંદિરમાં ચાલતા '૮૦'માં અનુભવ વર્ગના બહેનોની તાલીમ આ માસ દરમિયાન




પૂર્ણ થયેલ જેઓની પરીક્ષા તા.૨૫ થી ૩૦માં શ્રી હીનાબહેન ભટ્ટ તથા શ્રી પ્રીતિબહેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ લેવાઈ હતી. બાલમંદિરમાં નિયમિતપણે પોષક નાસ્તો અપાય છે. જેમાં ચિ.દિવ્યરાજસિંહ, મહેન્દ્રસિંહ ગોહિલ, જય શાંતિભાઈ ચુડાસમા તથા મોહિત મહેશભાઈ ટેભાણી તરફથી બાળકોના નાસ્તા માટે રૂ.૧૧૦૦/- મળેલ છે. સંસ્થા સર્વ દાતાશ્રીનો આભાર માને છે. માસ દરમ્યાન નાતાલ પર્વ ઉત્સાહભેર ઉજવાયો. જેમાં ૭૫ બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વરેણ્યા સહદેવભાઈ ભટ્ટ તરફથી બાળકોને વ્હીસલ આપવામાં આવેલ. તા. ૨૯એ બાળકોની આરોગ્ય તપાસનું આયોજન કરેલ જેમાં ડૉ. શ્રી અરવિંદભાઈ ત્રિવેદીએ બાળકોની આરોગ્ય તપાસ કરી, આરોગ્ય વિશે વાલીઓને સમજણ આપી યોગ્ય દવાઓ આપવામાં આવી હતી.

## આરોગ્ય

## ૪૭૬ તથા ૪૭૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ











સ્વ.શ્રી ગુણવંતભાઇ વડોદરીયાના સ્મરણાર્થે ૪૭૬મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી દક્ષાબહેન વડોદરીયાની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં યોજાઈ ગયો. તેમજ સ્વ.માતુશ્રી ગીતાલક્ષ્મીબહેન હરીકૃષ્ણભાઇ ભટ્ટ તથા સ્વ.પિતાશ્રી હરિકૃષ્ણ ભદ્રશંકર ભટ્ટના સ્મરણાર્થે શ્રી ઉર્મિલાબહેન ભટ્ટ તથા શ્રી અશ્વિનકુમાર ભટ્ટનાં સૌજન્યથી ૪૭૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૨ ડિસેમ્બરનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૨૧ દર્દીઓની આંખ તપાસ ડૉ શ્રી સૌરવ મહાજન સાહેબની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઇ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાત મંદ ૨૨ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે દર્દીઓના ૧૧ સહાયકો સાથે ખાસ બસમાં વિરનગર લઇ જવામાં આવ્યાં. દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. સંસ્થાકીય આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઇ મકવાણા અને પરિખ ફાઉન્ડેશન(મુંબઇ) દ્વારા મળેલ બસમાં દર્દીઓને વિરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઇ વેગડ અને શિવભદ્રસિંહ રાણાની સેવા નોંધનીય રહી હતી.

**-સંચાલન : રાજુભાઇ મકવાણા**



## નિરમા ઉદ્યોગ દ્વારા કાંઠા વિસ્તારના ૯ ગામોમાં પોષક આહાર યોજનાનો પ્રારંભ



ભાવનગરની જાણીતી સંસ્થા શિશુવિહાર અને આઇ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત ભાવનગરના ભાલ વિસ્તારનાં પછાત ગામ જશવંતપુર, માઢીયા, ગણેશગઢ, ખેતા-ખાટલી, નર્મદ અને કાળા તળાવની ૧૦ આંગણવાડીનાં ૨૫૮ કુપોષિત બાળકોને પોષણયુક્ત 'હૈદરાબાદ મિક્ષ્ચર' આહારના ૧૦૩૨ પેકેટનું વિતરણ નવેમ્બર માસનાં ૪ સપ્તાહમાં કરવામાં આવ્યું.

નિરમા લિમીટેડના આર્થિક સહયોગથી ભાલ પંથકના જરૂરિયાતમંદ બાળકોને સુપોષિત કરવાના ભાગરૂપે સપ્ટેમ્બરથી નવેમ્બર માસનાં કુલ ૧૬ અઠવાડીયા દરમિયાન કુલ ૧૬,૫૧૨ પોષક આહારના પેકેટ બાળકોને આપવામાં આવેલ.

બાલ આરોગ્ય ક્ષેત્રે નોંધનીય અને અનુકરણીય આ સત્કાર્ય ૨૦૦ દિવસ સુધી શરૂ રહેનાર છે. જે નોંધનીય બને છે.

**-સંકલન : હિનાબહેન ભટ્ટ**

## અભિનંદન



● શિવાનંદ આઇ હોસ્પિટલનાં ચીફ ટ્રસ્ટી તથા સી.એમ.ઓ. ડૉ. વર્મા સાહેબ તેમજ નેત્રરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ-વિરનગરને વર્ષ ૨૦૨૩ માટે સૌરાષ્ટ્ર હેલ્થ કેર એકસલેંસ એવૉર્ડથી સન્માનિત કરાયા છે. દર્દી દેવો ભવઃ ની ભાવનાથી ડૉ. શિવાનંદ અદ્વર્યુજીના સેવા યજ્ઞને પ્રદિપ્ત રાખનાર ડૉ.સી. એલ. વર્મા સાહેબને અભિનંદન...

## વાઘ બકરી ફાઉન્ડેશન,અમદાવાદનાં સૌજન્યથી નગર પ્રાથમિક સંચાલિત શાળામાં યોજાયેલ સ્વાસ્થ્ય શિબિરની માહિતી વર્ષ ૨૦૨૩-૨૪

| ક્રમ | તારીખ | શાળાનું નામ નંબર | આંખની તપાસ | આરોગ્ય તપાસ | હિમોગ્લોબિન તપાસ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૨૪ | ૫-૧૨ | ૪૦-નિર્મળનગર | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૨૫ | ૬-૧૨ | ૩૮-પાનવાડી (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૨૬ | ૬-૧૨ | ૭-મામાકોઠા (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૨૭ | ૭-૧૨ | ૪૪-વડવા વોશિંગઘાટ (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૨૮ | ૭-૧૨ | ૩૧-બાર્ટન લાઇબ્રેરી (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૨૯ | ૮-૧૨ | ૧-કુંભારવાડા (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૦ | ૮-૧૨ | ૪૭-મોતીબાગ (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૧ | ૯-૧૨ | ૪૮-મિલની ચાલી | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૨ | ૧૧-૧૨ | ૬૯-લંબે હનુમાન (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૩ | ૧૧-૧૨ | ૭૦-લંબે હનુમાન (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૪ | ૧૨-૧૨ | ૫૧-નારી રોડ (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૫ | ૧૨-૧૨ | ૪૨-ચાવડી ગેટ (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૬ | ૧૩-૧૨ | ૫૪-ચિત્રા ગોડાઉન (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૭ | ૧૩-૧૨ | ૩૩-બાર્ટન લાઇબ્રેરી (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૮ | ૧૪-૧૨ | ૫૮-વિઠ્ઠલવાડી | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩૯ | ૧૬-૧૨ | ૬૩-હાદાનગર | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૦ | ૧૮-૧૨ | ૮૧-મિલિટરી સોસાયટી (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૧ | ૧૮-૧૨ | ૨-કુંભારવાડા સર્કલ (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૨ | ૧૯-૧૨ | ૪૯-અક્ષરપાર્ક (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૩ | ૧૯-૧૨ | ૩-બાનુબહેનની વાડી (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૪ | ૨૨-૧૨ | ૪૫-વડવા વોશિંગઘાટ (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૫ | ૨૨-૧૨ | ૩૬-હલુરિયા ચોક (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૬ | ૨૩-૧૨ | ૪-બાનુબહેનની વાડી | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૭ | ૨૬-૧૨ | ૮૩-કાળીયાબીડ (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૮ | ૨૬-૧૨ | ૬૨-હાદાનગર (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪૯ | ૨૭-૧૨ | ૫૯-શાસ્ત્રીનગર (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૫૦ | ૨૭-૧૨ | ૬૫-બોરતળાવ (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૫૧ | ૨૮-૧૨ | ૫૩-આખલોલ (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૫૨ | ૨૮-૧૨ | ૫૫-ફુલસર (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૫૩ | ૨૯-૧૨ | ૫૨-અક્ષરપાર્ક (શિફ્ટ-૧) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૫૪ | ૨૯-૧૨ | ૫૦-નારી રોડ (શિફ્ટ-૨) | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૫૫ | ૩૦-૧૨ | ૬૦-શાસ્ત્રીનગર | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| | | કુલ | ૧૨૮૦ | ૧૨૮૦ | ૧૨૮૦ | ૩૮૪૦ |



## એગ્રોસેલના સૌજન્યથી ઘોઘા વિસ્તારની શાળામાં સ્વાસ્થ્ય શિબિર માહિતી વર્ષ ૨૦૨૩-૨૪

| ક્રમ | તારીખ | શાળાનું નામ નંબર | આંખની તપાસ | આરોગ્ય તપાસ | હિમોગ્લોબિન તપાસ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯-૧૨ | અવાણીયા કુમાર શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૨ | ૧૯-૧૨ | અવાણીયા કન્યા શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૩ | ૨૦-૧૨ | નવા રતનપર શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૪ | ૨૦-૧૨ | જુના રતનપર શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૫ | ૨૩-૧૨ | ભુંભલી કન્યા શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૬ | ૨૬-૧૨ | ભુતેશ્વર શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૭ | ૨૬-૧૨ | માલપર શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૮ | ૨૭-૧૨ | ઘોઘા કન્યા શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૯ | ૨૮-૧૨ | અકવાડા કેન્દ્રવર્તી શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| ૧૦ | ૨૮-૧૨ | માલણકા કેન્દ્રવર્તી શાળા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| | | કુલ | ૪૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૧૨૦૦ |

### • પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત ડિસેમ્બર માસમાં ૧૨ આંગણવાડીના ૨૫૫ બાળકોએ શિશુવિહાર કેન્દ્રમાં આવી જીવન શિક્ષણ તાલીમ મેળવેલ બાળકોની સંકલિત વિગત

• ડિસેમ્બર માસમાં તાલીમ ક્રમ ૮૬ થી ૯૧ અંતર્ગત શહેર ઘટક-૧ના આંગણવાડી તાલીમની સંકલિત વિગત :

| વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા |
|---|---|---|
| કરચલીયા પરા | ૭, ૧૦ | ૪૨ |
| કરચલીયા પરા | ૧૩, ૧૪ | ૪૨ |
| કરચલીયા પરા | ૧૮, ૨૨ | ૫૦ |
| કરચલીયા પરા | ૨૧, ૧૬૯ | ૪૦ |
| કરચલીયા પરા | ૨૪, ૪૬ | ૪૫ |
| કરચલીયા પરા | ૩૩,૪૫ | ૩૬ |
| | કુલ | ૨૫૫ |

-સંકલન : પ્રીતિબહેન ભટ્ટ

**એપ્રિલ-૨૦૨૩થી શરૂ થયેલ તાલીમમાં શહેરની ૧૮૭ આંગણવાડીનાં ૩૨૯૫ બાળકોએ જીવન શિક્ષણ તાલીમ લીધી છે. જે નોંધનીય બને છે.**

# નિરમા લિમીટેડના સહયોગથી ભાલકાંઠાના ગામડાઓમાં આરોગ્ય શિબિર




શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નીરમા લિમીટેડનાં સૌજન્યથી તા. ૧૫ તથા ૨૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ભાલ વિસ્તારનાં જશવંતપુર અને અઘેલાઇ ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ. જેમાં ૩૬૫ ગ્રામજનોની આરોગ્ય તપાસ, ચશ્મા વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે વાઘ બકરી ટી પ્રોસેસિંગ યુનિટ દ્વારા મળેલ મેડીકલ વેનનો વિશેષ ઉપયોગથી બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરીયાતમંદ દર્દીઓને દવા તથા ચશ્માં વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને બાળ પુસ્તકાલય માટે ૭૫-૭૫ પુસ્તકો તથા બાળ આરોગ્ય સુત્ર પુસ્તિકા ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. કાર્યક્રમમાં શિશુવિહારની આરોગ્ય ટીમના ડૉ.અરવિંદભાઇ ત્રિવેદી, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી મંગળસિંહભાઇ પરમાર તથા નીરમા લિમીટેડના મેડીકલ ડીપાર્ટમેન્ટના અધિકારી તથા આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. આ કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઇ મકવાણાએ કર્યુ હતું.








# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ સ્કાઉટ તાલીમ



ડિસેમ્બર માસ દરમિયાન નિયીમત તાલીમાર્થીઓની સંખ્યા ૪૦થી હતી. ડિસેમ્બર માસ દરમિયાન વૉલીબૉલ, કબડ્ડી, દોરડાખેંચ પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી હતી. સાયંપ્રાર્થના સમયે વિદ્યાર્થીઓએ સમુહમાં રહી ધૂન, ગીતો અને હર્ષનાદ કર્યા તેમજ સ્કાઉટ વિદ્યાર્થી ઉમંગભાઇ મકવાણા, વિવેકભાઇ વાણિયા, અમનભાઇ મિયા, શુભમભાઇ ગોહેલ તેમજ અર્પણભાઇ ચૌહાણ, દર્પણભાઇ ચૌહાણનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. સંસ્થાના મંત્રી શ્રી ડૉ. નાનકભાઇ ભટ્ટનો ૭૦મો જન્મદિવસ સ્કાઉટ તાલીમાર્થી તેમજ સંસ્થા કાર્યકરની હાજરીમાં ઉજવાયો. ઉપરાંત સંસ્થાના કાર્યકર શ્રી હીનાબહેન ભટ્ટ અને શ્રી દક્ષાબહેન ગોહેલના જન્મદિવસ નિમિતે સ્કાઉટના વિદ્યાર્થીઓને નાસ્તો આપવામાં આવેલ. ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઇડ તરફથી લેવાયેલ વર્ષ ૨૦૨૩, રાજ્ય પુરસ્કારની થીયરી તેમજ પ્રેકટીકલ પરીક્ષામાં શિશુવિહાર ઓપન ટ્રુપના તાલીમાર્થી રવિ ગોહેલ, શુભમ પરમાર, ઉમંગ મકવાણા, દેવેન્દ્ર વેગડ ઉત્તીર્ણ થયા છે. માસ દરમિયાન શ્રી હરેશભાઇ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને કી-ચેઇન, બોલપેન, વિવિધ પ્રકારના ટુલનો સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવેલ.

**-સંચાલક : કમલેશભાઇ વેગડ**

ભાવનગરના સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લા ૨૩ વર્ષથી કાર્યવિન્ત સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક હોસ્પિટલ-સિદસર, ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં સેવા કેન્દ્રનો પ્રારંભ થયો છે. ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલિમ વિદ્યાર્થિઓની દેખભાળ વચ્ચે દર્દીઓને સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪.૦૦ થી ૬.૦૦ નિઃશુલ્ક તપાસ, દવા આપવામાં આવી હતી. ડૉ.ગીરીશભાઇ વાઘાણીના માર્ગદર્શનથી પ્રારંભાયેલ સેવાનો હોમિયોપેથીક કેન્દ્રનો લાભ લેવા માટે ડિસેમ્બર માસ દરમિયાન ૧૪૫ દર્દીઓએ લાભ લીધો હતો.

## શ્રદ્ધાંજલી



**● સ્વ.જયંતભાઇ ભટ્ટ**

સ્વાતંત્ર સેનાની શ્રી દામુભાઇ ભટ્ટના સુપુત્ર અને આનંદવિહાર અખાડાના સંવાહક આદરણીય જયંતભાઇ ભટ્ટનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. શિશુવિહારની પ્રથમ ટુકડીનાં વિદ્યાર્થી સિવિલ એન્જીનીયર અને પરગજુ શ્રી જયંતભાઇ ભટ્ટના આત્માની ચિર શાંતિ માટે શિશુવિહારના બાળકો તથા કાર્યકરો પ્રાર્થના કરે છે.

### ફિઝિયોથેરાપી તથા ફિટનેસ સેન્ટર :

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ તથા સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સ્ટલ્ટેશન હેઠળ ડિસેમ્બર માસમાં ૬૦૧ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૨ ભાઇઓ તથા ૧૦ બહેનો આવ્યા હતા.

**-સંચાલકઃ શ્રી નિશાબહેન બારૈયા**

### વયસ્કો માટે ૩૪૬મી દ્રષ્ટિ ચકાસણી શિબિર :

શ્રી સુધાબહેન કનુભાઇ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી ડિસેમ્બર માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઇ. શ્રી અંકિતાબેન ભટ્ટે Refractometer દ્વારા ૬૦ વયસ્કોની આંખ તપાસ બાદ ૪૫ વયસ્કોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

**-સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા**

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર :

ડિસેમ્બર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવારે સાંજના ૪ થી ૬ દરમ્યાન એલોપેથીની સારવારનો લાભ ૨૩૧ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરના નિષ્ણાત ડોકટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી.

**-સંચાલકઃ ડૉ. અરવિંદભાઇ ત્રિવેદી**

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું :

શ્રી નિશીથભાઇ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજના ૫-૩૦ થી ૬-૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૬૦૦ નાગરિકોએ લીધો.

**-સંચાલકઃ શ્રી નરસિંહભાઇ મકવાણા**

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા :

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાજે ૫ થી ૬-૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ડિસેમ્બર માસમાં ક્રમાંક ૧૮૭ થી ૧૯૧ અંતર્ગત વિદ્યાર્થીઓને સાવરણી-સાવરણો બાંધતા, કપડા ધોતા, મોબાઇલ પર ફોન નંબર જોડતા, ક્રિસમસ ટ્રી તેમજ પોતાની પથારી સુઘડ રીતે પાથરતા તેમજ સંકેલતા શીખવાડવાની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ૧૯૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

**-સંચાલકઃ શ્રી પ્રીતિબહેન ભટ્ટ**

## સંસ્કાર, સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય શિશુવિહાર

ડિસેમ્બર માસમાં ૫૦ વાચક સભ્યોએ ૧૩૫ પુસ્તકો વાંચ્યાં હતાં. મુલાકાતી સભ્યોની સંખ્યા ૫૫ રહી. ડૉ. રમણિકભાઇ યાદવ ‘વિસરાતી વિરાસતો’, રાહુલભાઇ



સોલંકી ‘જૈન જગત’, રમેશભાઇ તન્ના ‘સમાજની કરૂણા-૧૦’, દિવ્ય જીવન સંઘ ‘વિચાર શકિત’, સંત વિનોબા સેવા સમિતી ‘કથા ગીતા જન મંદિર-૨૫૦૦’, રવિભાઇ પરમારે ૩૫ પુસ્તકો સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલા પુસ્તકો જેનો સાભાર સ્વીકાર છે.

**-સંચાલકઃ શ્રી મંગળસિંહ પરમાર**

### બાલદેવ વન :

ડિસેમ્બર માસ દરમ્યાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એકસેલ ક્રોપ કેર પ્રેરીત નોલેજ પાર્કમાં પરજ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. દક્ષિણામુર્તિના ૫૦૦ બાળકો, આંગણવાડી ઘટક-૧ના ૬૪૦ બાળકો આમ કુલ ૧૬૬૪ બાળકો બાલદેવવનમાં રમવા આવતા તમામ બાળકોને સંસ્થા તરફથી ‘બાળ આરોગ્ય સૂત્ર’ પુસ્તક ભેટ આપવામાં આવેલ.

**-સંચાલકઃ શ્રી હિનાબહેન ભટ્ટ**

### ર.વિ. ગોસળિયા ક્રિડાંગણ

ક્રિડાંગણમાં મુકત મને નિજાનંદ માણતા બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા, ઉંચક-નીચક, બેલેન્સી ચાલ, લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખુબ મજા માણે છે. ડિસેમ્બર માસ દરમ્યાન ૨૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી આનંદ માણેલ.

**-સંચાલકઃ શ્રી હિનાબહેન ભટ્ટ**

### જ્યોતિ મંડળ સિવણ વર્ગ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

ડિસેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૪૪ રહી હતી. માસ દરમ્યાન સિવણ વર્ગના ૭ બહેનોએ ગારમેન્ટ મેકીંગની પરીક્ષા આપી હતી.

**-સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ**

### તાલીમ :

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ ડિસેમ્બરે યોજાયેલ. જેમાં માસ દરમ્યાનનાં નિયત કાર્યો તથા આયોજીત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

**-સંચાલકઃ પરેશભાઇ પાઠક**

### માંદગી સાધન સહાય :

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. ડિસેમ્બર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઇ પી. તંબોળી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૬ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી શરદભાઇ ડી. પારેખ તરફથી લોખંડની કમોડ ખુરશી ભેટ મળેલ છે. સંસ્થા આભાર વ્યકત કરે છે.

**-સંચાલકઃ અનિલભાઇ જોશી**

### સંગીત વર્ગ :

ડિસેમ્બર માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૨ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

**-સંચાલકઃ શ્રી દેવુભાઈ મહેતા**

### દિવ્ય જીવન :

શિશુવિહાર દિવ્ય જીવનની પ્રાર્થના સભા પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકા પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

**-સંચાલકઃ શ્રી ઈન્દાબહેન ભટ્ટ**

### સ્વરોજગાર :

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૩ શ્રમિક બહેનો દ્વારા ડિસેમ્બર માસમાં કપડાંની ૧૦૩૦ થેલી તૈયાર થતાં રૂ.૪૧૨૦ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેનાં સંસ્થાના પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૯૩,૯૮૫ કાપડની થેલીઓ જરૂરીયાતમંદ કુટુંબો સુધી પહોચાડવામાં આવી છે.

**-સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**

### મનોરંજન :

બાલમંદિર અને શાળા કૉલેજના વિદ્યાર્થીઓ માટે વિવિધ પોશાક સંસ્થાના મનોરંજન વિભાગમાંથી સાંજના ૪-૩૦ થી ૭-૩૦ દરમિયાન મળી શકે છે. ડિસેમ્બર માસ દરમિયાન ૧૩ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

**-સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**

## પ્રચાર પ્રસાર



રૂા. ૨૫૦/- પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૨ રહી હતી. ડિસેમ્બર માસમાં શ્રી ભૂપતભાઇ મણિયાર-અમદાવાદ, ડૉ.માનસીબહેન ચાંપાનેરી-ભાવનગર. વાચકોને રૂા.૨૫૦ આપી સંસ્થા સામાયિકના સભ્ય બનવા નિમંત્રણ છે.

**સાભાર સ્વીકાર :** શ્રી પ્રકાશભાઈ દક્ષિણી (અમદાવાદ) તરફથી કાપડનાં ૯ પાર્સલ તથા શ્રી મનિષભાઈ દેસાઇ (મુંબઇ) તરફથી કાપડનાં ૬ પાર્સલ ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર વ્યક્ત કરે છે.

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યના વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ડિસેમ્બર માસમાં ૧૨૫ પ્રેસનોટ પ્રકાશિત થઇ હતી. તથા ૫ ઇલેક્ટ્રોનિક મિડીયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.



ડિસેમ્બર માસમાં સંસ્થાના ફેસબુકના followers ની ૫.૦k સંખ્યા અને followers ઇન્સ્ટાગ્રામના ૫૮૪ રહી હતી.

**-સંચાલકઃ અનિલભાઇ બોરીચા**

## ● સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય ●

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે.**

**● સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયન દાતાશ્રીઓ ●**

| | | |
|---|---|---|
| રૂા.૧,૦૦,૦૦૦/- | સ્વીસ ફોર્મુલેશન | શૈક્ષણિક સહાય |
| રૂા.૩૦,૦૦૦/- | શ્રી ભરતભાઈ ગરિવાલા | બાલદેવ વન સહાય |
| રૂા.૨૫,૦૦૦/- | શ્રી સરોજબહેન શાહ | શૈક્ષણિક સહાય |
| રૂા.૨૫,૫૦૦/- | માતુશ્રી કાશીબેન ચુનીલાલ આનંદપરા ચેરિટેબલ ટ્રસ્ટ | સર્વાંગી સહાય |
| રૂા.૨૧,૦૦૧/- | શ્રી વાળુકડીયા દવે પરિવાર | દર્દી સાધન સહાય |
| રૂા.૨૦,૦૦૦/- | શ્રી બાબુલભાઈ વ્હોરા | નેત્રયજ્ઞ સહાય |
| રૂા.૨૦,૦૦૦/- | શ્રી નીનાબહેન કપાસી | નેત્રયજ્ઞ સહાય |
| રૂા.૨૦,૦૦૦/- | ઓમ શાંતિ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| રૂા.૧૮,૦૦૦/- | શ્રી નિપુણભાઇ ધોળકીયા | કાયમી નાસ્તાફંડ સહાય |
| રૂા.૧૧,૦૦૦/- | શ્રી સરલાબહેન કોઠારી | નાગરિક સન્માન સહાય |
| રૂા.૫,૦૦૦/- | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| રૂા.૩,૫૦૦/- | ઉર્જા એન્ટરપ્રાઈઝ | સ્ત્રી શકિતકરણ સહાય |
| રૂા.૩,૦૦૦/- | શ્રી ઈન્દાબહેન એમ. ભટ્ટ | મહિલા ઉત્કર્ષ સહાય |
| રૂા.૩,૦૦૦/- | શ્રી નિરવભાઇ શાહ | શૈક્ષણિક સહાય |

### બુધસભા :

વર્ષ ૧૯૮૦થી કાર્યાન્વિત શિશુવિહાર બુધસભાની ૨૨૬૪મી બેઠક તા. ૬ ડિસેમ્બરે ડૉ.માનસીબહેન ત્રિવેદીના સંકલન સાથે મળેલ. આ બેઠકમાં શ્રી કૃપાબહેન ઓઝાએ દ્વારા કવિશ્રી રમેશ પારેખના કાવ્યોનો આસ્વાદ કરાવ્યો. ૨૮થી વધુ મિત્રોએ પોતાની રચનાઓનું પઠન કરેલ. શ્રી અંજનાબહેન ગૌસ્વામીના સંકલન સાથે બીજા બુધવારે મળેલ બેઠકમાં ગાયિકા શ્રી નમ્રતાબહેન શોધન દ્વારા બુધસભાના કવિ-કવયિત્રીઓની રચનાઓ ગાયન સ્વરૂપે રજુ થઇ હતી. માસની ત્રીજી બેઠકમાં સર્જનની પૂર્વ ક્ષણો વિષયે ગોષ્ઠીમાં ડૉ. પરેશ સોલંકી સાથે પ્રશ્નોત્તરી રૂપે સંવાદ યોજાયેલ. ૩૦થી વધુ કવિઓ - સાહિત્યકારોની ઉપસ્થિતિ યાદગાર બની રહી. વર્ષ ૨૦૨૩ની અંતિમ અને વર્ષની ૨૨૬૭મી બેઠક વિનોદભાઈ જોશી તથા હ્યુસ્ટન(અમેરીકા) માં સાહિત્ય પરિષદનું સંકલન કરતા શ્રી વિશ્વદીપભાઇ બારડની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઇ જે પ્રસંગે વર્ષ




૨૦૨૩ની સંચાલન સમિતિના સભ્યો પ્રત્યે આભાર તથા સમિતિના નવ-નિયુકત સંચાલકોનું અભિવાદન મહેમાનશ્રી દ્વારા થયું હતું. આ પ્રસંગે ડૉ. માનસીબહેન ત્રિવેદીએ વર્ષ ૨૦૨૩નો પ્રવૃત્તિ અહેવાલ રજુ કર્યો હતો. ૫૦થી વધુ ભાવકોની ઉત્સાહવર્ધક હાજરીમાં યોજાયેલ બેઠકમાં તમામ સન્માનીતોએ પોતાની સ્વરચનાઓ રજુ કરી વર્ષ ૨૦૨૩ને યાદગાર બનાવ્યું હતું. ડિસેમ્બર માસની ચારે બેઠકમાં ૧૫૦થી વધુ સાહિત્ય રસિકોની ઉપસ્થિતિ ગૌરવસભર રહી. ગીતાંજલી પુસ્તકનો ભાવાનુવાદ કરનાર શ્રી વિનોદભાઇ વ્યાસ તરફથી બુધસભાને ગીતાંજલી પુસ્તક ભેટ મળેલ છે.

## શુભેચ્છકો લખે છે

- **ડૉ.જયનારાયણભાઇ વ્યાસ (પૂર્વ મંત્રીશ્રી ગુજરાત રાજય)**

શિશુવિહારમાં વ્યકત થતા વિચારો રોમાંચક હોય છે. રોમાંચક અને હકારાત્મક વિચારો હોવા એ યુવાનીનું લક્ષણ છે. શિશુવિહાર યુવાન છે. અને વિકાસના કોઈપણ હકારાત્મક કામ માટે આપની પાસે એક અલગ જ ચિંતન છે, જેનો હું પ્રશંસક છું. આપણા આટલા વર્ષોના પરિચયમાં આપના માટે આ કારણથી મારા મનમાં એક તંદુરસ્ત માન કેળવાયું છે. શિશુવિહારની સેવાકીય પ્રવૃત્તિઓ લોકસહકારથી વિસ્તરતી રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

- **નિતીનભાઇ વ્યાસ (અમેરીકા)**

‘‘ગીત હું કોના લખું, કોના નહીં? કોના તે ગાઉં, કોના નહીં? કારીગરોમાં કામણગારો પહેલો છે કુંભાર ભઈ, ગાગર-ગોળાને લેતો એ ઘાટમાં ટપલે તાલ દઈ દઈ’’. શિશુવિહારનાં શ્રમજીવી જયમલ યાદવની કેવી સરળ કવિતા અને અદના લોકોનું ગાન !!! શ્રી જયમલભાઇ ભાવનગર બંદર પર નોકરી કરે, ખડતલ શરીર, પૂરી છ હાથની ઉંચાઇ, ખાદીનો લેંઘો કફની અને માથે ટોપી, સાંજે શિશુવિહારમાં બધાને કવાયત કરાવે, બંદરની ટીમમાંથી ક્રિકેટ રમે, છક્કા મારવાના શોખીન, હાડવૈદ, મફતમાં જરૂરીયાત પ્રમાણે ઘરે જઈ માલીશ અને માલમ પટ્ટી કરે, સિવિક ગાર્ડના માર્ચિંગ કેન્ડમાં  બેગપાઈપ વગાડે, નાટકોમાં ભાગ લે, યંગ કલબનાં નાટકોમાં ‘હાલરડુ’ માં કવિ બનેલા જયમલભાઈની મજા તો તેમને એક ઘરફોડ ચોરી કરતા લુટારુની ભૂમિકામાં ‘માથુરીઓ’ માં આવી. ઉંમરની સાથે તેમને ઓછું સંભળાતું, પ્રોમ્ટર બોલે તેનો કામ આવે, બીજા પાંચ કલાકાર તેમની સાથે સ્ટેજ ઉપર, દરેક હલચલનું અને સંવાદ બોલતી વખતે સહકલાકારના હાવભાવ અને ફફડતા હોઠોનું એવું સરસ નિરિક્ષણ કરી પોતે પોતાના મેળ સંકેત(હીગભ) યાદ રાખી સરસ અદાકારી દાખવી !... નાટકમાંનાં બીજા કલાકાર કદાચ સંવાદ ભુલ્યા હશે પણ જયમલભાઈની કયાં પણ ભૂલ ન થઈ એમની એ સાયકલ સાથે સદા હસતા જયમલભાઈનો ચહેરો એમના સંસર્ગમાં આવેલા મારા જેવા કોઈ કદી નહીં ભુલે.

- **શ્રી પુષ્કરભાઈ પાઠક (પૂર્વ અધ્યાપક ન.ચ.ગાંધી મહિલા કોલેજ)**

શિશુવિહારના વડલામાંથી ઉભા થયેલા વિશાળ વટ વૃક્ષનો સાક્ષી છું. પૂજ્ય માનભાઈ ભટ્ટ (માનદાદા) એ સિંચેલા સંસ્કાર આજે શિશુવિહાર સંસ્થાએ જાળવી રાખેલા છે. વ્યક્તિ અને સામાજિક વિકાસ પરંપરા અને પરિવર્તન અનેકવિધ પ્રવૃત્તિઓ કાર્યક્રમો, તાલિમો, સંસ્કાર અને શિસ્ત એ શિશુવિહાર સંસ્થાના વિકાસના પાયામાં રહેલાં છે. શિશુવિહાર સંસ્થાને ઉત્તમ રીતે માણી છે. જીવન ઘડતરનું એક વિશ્વકક્ષાનું મોડેલ છે. શિશુવિહાર સંસ્થા સતત વિકાસ અને પરિવર્તન માર્ગે આગળ વધતી રહે અને વિશ્વકક્ષાની એક અજાયબી બની રહે એવી શુભેચ્છા પાઠવું છું.

- **શ્રી જે.જે. ચૌહાણ (એડવોકેટ-ભાવનગર)**

શિશુવિહાર એવી પાવન ભૂમિ છે જેના નિર્માતા પ્રાતઃ સ્મરણીય માનભાઈ ભટ્ટ પોતે કયારેય વૃદ્ધ થયા વિના વૃદ્ધજનોના સન્માન અને કલ્યાણ માટે સતત પ્રવૃત્તિશીલ રહેલા. પૂ.માનભાઈ ભટ્ટનું વ્યકિતત્વ બહુમુખી હતું. સમાજ સેવાના દરેક ક્ષેત્રમાં તેમનું સક્રિય યોગદાન ભાવેણા માટે એક વારસો બનીને આજે પણ દેદીપ્યમાન છે. હયાત ન હોવા છતાં તેમની હયાતી શિશુવિહારના કણ કણમાં અનુભવાય છે. મને આટલુ મોટું સન્માન આપનાર તમામ આયોજકોનું ઋણ સ્વિકારીને આ ધન્યતાના અનુભવના સાક્ષી એવા આપ સહુનું અભિવાદન કરૂં છું.

- **ડૉ. માનસીબહેન ત્રિવેદી (આયોજક : બુધસભા)**

આજે જ હું શિશુવિહાર અંક જોતી હતી. કેટલી બધી પ્રવૃત્તિઓ થાય છે. અમારે તો શાળાની એક પ્રવૃત્તિ કરવી હોય તો પણ ઘણું આયોજન કરવું પડે. શિશુવિહારતો ખરેખર એક ચેતનવંત અને ધબકતી ૨૪ કલાક ચાલતી મજાની પાઠશાળા છે. મારું સદભાગ્ય છે કે આ સંસ્થા સાથે કાર્ય કરવાનો મને મોકો મળે છે.

- **મિનાઝ ચૌહાણ (તાલિમાર્થી ફીટનેસ સેન્ટર)**

મને એ વાતની ખૂબ જ ખુશી થાય છે કે તમે મારા Gym Trainer છો, અને આ Gym માં જોડાયા પછી મને ઘણો ફાયદો થયો છે, દરરોજ એક નવી Exercise અને દરરોજ એક નવો Task મળે છે અને અઠવાડિયા પૈકીના બધા જ દિવસો તમે અલગ-અલગ કસરત, પ્રાણાયમ, યોગા, ઝુમ્બા, એરોબીકસ, ખૂબ જ સરસ રીતે અમને કરાવો છો. મારી શ્વાસોશ્વાસની ક્રિયામાં ખૂબ જ ફાયદો છે. આવી જ રીતે અમારી સાથે રહેશો અને વધારે વધારે તરક્કી કરો એવી શુભકામના.

● **દેવશીભાઇ સાચપરા (દરદી-અઘેવાડા)**

શિશુવિહાર સંસ્થાનો ખૂબ જ ઋણી છું. મારી મેડીકલ સાધનોની જરૂરીયાતના સમયે મને જરૂરી બેડ મને બહુ નજીવા ભાડાથી શિશુવિહારની માંદગી સાધન સહાય વિભાગમાંથી મળેલ છે અને સાધનના ઉપયોગ વિશે સમજપૂર્વક વ્યવસ્થિત સમજાવેલ અને ખૂબ સરસ રીતે સંસ્થાના કાર્યકરો સેવા આપી રહ્યા છે.



## સ્વરાજયની શાળા શિશુવિહાર

### વર્ષ-૧૯૯૬ પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ)




● **જાન્યુઆરી :** સૌરાષ્ટ્રની ધરતીના પનોતા પુત્ર,લોક લાડીલા રાષ્ટ્રીય શાયર સ્વ.ઝવેરચંદ મેઘાણીની જન્મશતાબ્દીનુ વરસ ઉત્સાહભેર ઉજવવા ભાવનગરનાં જુદાં-જુદાં બાલમંદિરનાં બાળકોએ ભેગા મળી મેઘાણીભાઇના બાળગીતો ઉપર બાલસહજ અભિનયોનો આકર્ષક મનોરંજન કાર્યક્રમ યશવંતરાય નાટયગૃહમાં તા.૬-૧-૯૬ ના રોજ ઉજવ્યો. આ પ્રસંગે શિશુવિહારના મોંઘીબેન બધેકા બાલમંદિરનાં બાળકોએ મેઘાણીભાઇના યાદગાર બાળગીતોમાંથી ‘‘નાના થૈ ને રે’’ ગીત ઉપર અભિનય કર્યો હતો. આ ગીતના શબ્દો અને તે દ્વારા સમર્થ શાયરે આપેલ સંદેશ સૌને યાદ રાખવા જેવો છે.

● **ફેબ્રુઆરી :** શિશુવિહારનો ૪૨ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ દિવ્ય જીવન સંઘ, ભાવનગર તથા શ્રી જયંતભાઇ વનાણી અને મિત્રમંડળના સૌજન્યથી તા.૨૦ થી ૨૫ જાન્યુઆરી સુધી શિશુવિહારમાં ૪૨ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાઇ ગયો. આ નેત્રયજ્ઞ નું ઉદઘાટન ગુજરાતના ક્રાંતિકારી સંત પૂ.સ્વામી સચ્ચિદાનંદજી મહારાજે દીપ પ્રગટાવીને કર્યું હતુ અને આજના યુગમાં માનવસેવાકાજ થતાં કાર્યો એ જ સર્વોત્કૃષ્ટ યજ્ઞો છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે સ્વામી યાજ્ઞવલ્કયાનંદજી સરસ્વતી (ડૉ.શિવાનંદ અધ્વર્યુજી) નું બહુમાન પણ કરવામાં આવ્યું હતું. કુલ ૬૪૩ દરદીઓની આંખ તપાસ કરી હતી. અને ૫૪ ભાઈઓ અને ૯૦ બહેનોના મોતિયાના ૧૪૪ સફળ ઓપરેશનો કર્યા હતા. આ નેત્રયજ્ઞની પૂર્વ તૈયારીરૂપે વલ્લભીપુર મુકામે એક ચિકિત્સાયજ્ઞ પણ રાખવામાં આવેલ હતો.

નૃત્યકાર હેમંતસિંહનો જન્મદિવસ એક અનોખો અવસર શિશુવિહાર રંગમંચ ઉપર ઉજવાયો આજની નૃત્યનાટિકાનો પ્રસંગ જૈન કથાનકોમાં બહુ જાણીતો-નેમીકુમાર અને રાજુલના વિવાહનો હતો. બી.એડ.કોલેજના પ્રાધ્યાપક શ્રી પ્રફુલ્લાબેન વોરાએ નવકારમંત્ર ભણીને પ્રેક્ષકોને નેમીકુમાર અને રાજુલના કથાનકની વાત કરી. ત્યારબાદ



આ દિવ્ય પ્રસંગની નૃત્યનાટિકા, ૭૯ વરસના નૃત્યકારે ૨૧ વરસના કોઈ યુવાન કલાકારની અદાથી રજુ કરીને પ્રેક્ષકોની પળેપળ આનંદ વિભોર બનાવી દીધી.

**આદાન-પ્રદાન :** નવાગામ (ભાલ) ના લોકસેવક ડૉ.ઓમકાર કંડોલિયાના સંચાલન નીચે ચાલતા ભાલપ્રદેશ મહિલામંડળ તથા શ્રમિક ગ્રામ વિકાસ મંડળના સહયોગથી શ્રી દિ.મો.ચેરીટેબલ ટ્રસ્ટ યોજના નીચે રૂ.૩૩૦૦ ની ટોકન સહાય મેળવીને જરૂરિયાતમંદ ૧૦૦ લોકોને ગરમ ધાબળાનું પ્રભુ-પ્રીત્યર્થે વીતરણ કરવામાં આવ્યું. ભાવનગરના લેપ્રસી હોમમાં શિશુવિહાર તરફથી બે મણ ઘઉંનો લોટ મોકલવામાં આવ્યો. શ્રી મુકેશભાઇ નટુભાઇ ગાંધી તરફથી બિમારની સારવાર માટે સ્લીપ-ડીસ્ક નો એક પટ્ટો તથા અપંગને ચાલવાની બે બગલ ઘોડી ભેટ મળેલ છે. ગાંધીસ્મૃતિના સમૃદ્ધ વાચનાલયમાં ૧૯૯૫માં આવેલા બધા જ સામયિકોની વાચન સામગ્રી શિશુવિહારને ભેટ મળેલ છે. સર તખ્તસિંહજી સીવીલ હોસ્પિટલના નર્સીંગ તાલીમ વર્ગની પરીક્ષા માં ઉત્તીર્ણ થયેલ તમામ બહેનોને ફર્સ્ટ એઇડ પ્રાથમિક સારવારની પુસ્તિકા ભેટ અપાઈ. સ્વામી તદ્દરૂપાનંદજી બાલદેવવનના હીચકા માટે એકસેલ ઈન્ડસ્ટ્રીઝ તરફથી ઉત્તમ બનાવટના બોલ બેરીંગવાળાં ૧૬ કડા ભેટ મળેલ છે.

**એક પત્ર :** ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલજના આચાર્ય શ્રી ગજેન્દ્રભાઇ ગોસાઇ લખે છે : ‘‘આપની સંસ્થા (શિશુવિહાર) દ્વારા પ્રકાશિત ‘‘શ્રી ચાંપરાજભાઇ શ્રોફ’’ નામની પુસ્તિકાઓ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે વિતરણ કરવા માટે સિનિયર સીટીઝનન કાઉન્સીલ, ગાંધીનગર દ્વારા મળેલ છે. તેઓએ ખૂબ જ ઓછા સાધનો વડે અને ઓછી સગવડતા હોવા છતાં વિજ્ઞાનના વિવિધ પ્રયોગો કરીને જે સફળતા મેળવી અને રસાયણ બનાવતી એકસેલ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી તે મહાન સિદ્ધિ ગણાય. શ્રી ચાંપરાજ શ્રોફના જીવન વિષેની આ માહિતી અમારી સંસ્થાના વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડે તેવી છે. અમારી સંસ્થાના વિદ્યાર્થીઓને યાદ કરીને આ પુસ્તિકાઓ મોકલી તે બદલ ખૂબ ખૂબ આભાર’’.

● **માર્ચ :** શ્રી મનુભા વખતસિંહ રાણા ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી સ્વ.સુચદિવી મૂળરાજસિંહ રાણાના સ્મરણાર્થે. શિશુવિહારનો ૪૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાયો. ૪૩ માં પ્રભુકૃપા નેત્રયજ્ઞનું ઉદ્ઘાટન શનિવાર તારીખ ૯-૩-૯૬ ના રોજ થયું. સમારંભનું અધ્યક્ષપદ સ્વામી શિવાનંદ ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક, દિવ્ય જીવન સંઘના પ્રમુખ અને ગુજરાતમાં તથા ભારતમાં સેંકડો નેત્રયજ્ઞો કરવા વાળા વીરનગરનાં સંત ડૉ.પૂજ્ય અદવર્યુજીએ (યાજ્ઞવલ્કયાનંદજી) શોભાવ્યું હતું. અતિથી વિશેષ તરીકે જાણીતા સમાજસેવક શ્રી ગુલાબરાય સંઘવી તથા સર તખ્તસિંહજી સિવીલ હોસ્પિટલના સેવાભાવી ચીફ મેડીકલ ઓફીસર ડૉ.રમાબેન પધાર્યા હતાં.

**એક અંગ્રેજ બહેનનો પત્ર :** ‘‘તમારા પત્ર માટે અને યોગની પુસ્તિકા મોકલવા માટે આભાર. આ પુસ્તિકા હું વારંવાર વાંચુ છું. તમારા કામ વિષે મને ડેવિડ પેટરસન ઘણી વાતો કરે છે. ૮૮ વરસની ઉંમરે પણ તમે કાર્યરત રહી શકો છો તેથી હું અજાયબ થાઉં છું. મને ૯૩ વરસ થયા છે પણ હવે તમારી જેમ કામ કરી શકતી નથી. મારાથી હજી પણ કામ થઈ શકતું હોત તો બહુ ગમત. અત્યાર સુધી હું ડેવીડના કામમાં મદદરૂપ બનતી પણ હવે

મારે એમની મદદ મેળવીને સંતોષ માનવો પડે છે. ડેવીડની સાથે ભારત આવવાનું બહુ મન થાય છે પણ હવે તો તે માટે હું ઘણી વૃદ્ધ છું. હું દર રવિવારે દેવળમાં જાઉં છું. ડેવીડના જનસેવાનાં કાર્યોમાં સહાયરૂપ બનવાની એક કમીટીની હું સભ્ય છું. મે ૩૫ વરસ સુધી બાળકો, જુવાનો અને વૃદ્ધો સાથે યંગ વિમેન ક્રીશ્ચયન એસોસીએશન નામની સંસ્થા દ્વારા કામ કર્યું. હજુ પણ એ બધાના સંપર્કમાં છું. તમારી પ્રવૃત્તિઓમાં પણ મને બહુ રસ છે. મને તમારી પ્રવૃત્તિમાં વધારે સહાયરૂપ થવાની ઈચ્છા થયા કરે છે. તમારા કામની સફળતા માટે હું પ્રાર્થના કરું છું. તમે મારા માટે કરેલી પ્રાર્થનાની ખૂબ કદર કરૂ છું. ફરી આભાર. ઈશ્વરના આશીર્વાદ''.

● **એપ્રિલ :** દાનનો મહિમા : તમારી પાસે જે હોય તે બીજાઓ સાથે વહેંચીને વાપરો. આ અભ્યાસ નિયમિત કરતા રહો. વહેંચવામાં આનંદ અને શાંતિ છે. વહેંચવાથી વિશ્વપ્રમનો વિકાસ થાય છે અને લોભવૃત્તિનો નાશ થાય છે. વહેંચવાથી સ્વાર્થ ઘટે છે અને પરમાર્થ વધે છે. વહેંચવાથી હદય પવિત્ર થાય છે અને એકતાનો અનુભવ થાય છે. તમારી પાસે શારીરિક, માનસિક, કે આધ્યાત્મિક જે સંપત્તિ હોય તેની સૌને વહેંચણી કરો. આ સાચો યજ્ઞ છે, સાચો ત્યાગ છે. તેનાથી હદય ઉદાર થશે અને અંતે અદ્વેતની દૈવી અનુભૂતિ પ્રાપ્ત થશે. જે કંઈ આપો તે શ્રદ્ધાપૂર્વક આપો. દાન કરવામાં પાછી પાની કરવી નહીં. દાનની સાથે નમ્રતા અને દયા હોવી જોઈએ. જેને આપીએ છીએ એના ઉપર ઉપકાર કરીએ છીએ તેવો તુચ્છ ભાવ રાખશો નહીં. દાન ઘણા પાપોનો નાશ કરે છે. હૃદયને પવિત્ર રાખવાનો સર્વશ્રેષ્ઠ માર્ગદર્શન છે.-સંત ડૉ.શિવાનંદ અધ્વર્યુ.

● **મે : ચેતવણી :** જેઓ પાસે ભૂલ કરવાની હિંમત નથી, જેઓ પાસે ભૂલ કરવાની તાકાત નથી, જેઓ ચોમાસામાં પણ અંદરથી ભીનાં નથી થતાં, જેઓ શિયાળામાં પણ હૂંફાળા નથી બનતાં, જેઓ ઉનાળામાં પણ શીતળતાને આવકારતા નથી, જેઓ ખાસ મિત્રો સાથે પણ નિખાલસ નથી રહેતા, જેઓ દુશ્મનની એકાદ ખૂબીને પણ બિરદાવી નથી શકતા, જેઓની આંખને ભીની થવાની ટેવ નથી, જેઓ સુખનો સ્વીકાર કરવામાં કંજૂસાઈ કરે છે, જેઓ દુઃખને કાયમ છાતીએ વળગાડીને ફરે છે, જેઓ ફૂલ સાથે કેવો વ્યવહાર કરવો તે જાણતા નથી, જેઓ એકાદ સુંદર પુસ્તકના પ્રેમમાં નથી, જેઓએ જીવનમાં એક પણ વૃક્ષ ઉછેર્યું નથી, જેઓ પાસે જીવન માણવાનો સમય નથી, તેવા માણસોને પી.એચ.ડી.ની ડીગ્રી ધરાવતા હોય તોયે અભણ જાણવા.

**શિશુવિહાર ટપાલપેટી :** સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને જાણીતા વાર્તા લેખક પદ્મશ્રી ગુલાબદાસભાઈ બ્રોકર લખે છેઃ શિશુવિહાર પત્રિકા મળી. તેમાં સંસ્થા તરફથી ચાલતા નેત્રયજ્ઞ વિષે વાંચી તેના ઉપયોગ માટે આ સાથે રૂ.૫૦૦ મોકલું છું. તે સ્વીકારી ઉપકૃત કરશો. સંસ્થા સેવાકાર્યને સંપૂર્ણ સફળતા ઈચ્છું છું. ત્યાં આપ પ્રજાજીવન ઉજ્જવળ કરવાનું કાર્ય વર્ષોથી કરતા રહ્યા છો તેથી ખૂબ જ આનંદ થાય છે. એસ.એન.ડી.ટી. યુનિવર્સીટીઓના સંગીત વિષયના રીડર ડૉ.પ્રીતિબહેન રવિરંકર ભટ્ટ M.A.Ph.d. (સંગીત) લખે છે : પૂજ્ય માનભાઈ, દર વર્ષે ભાવનગર આવું છું ત્યારે (શિશુવિહારમાં) કાર્યક્રમ રજૂ કરું છું અને તમારા આશિષ મેળવું છું. આ વખતે આપે મારા કાર્યક્રમમાં હાજરી આપી અને પ્રશંસાના બે બોલ કહ્યા એ માટે ખૂબ ઋણી છું. ભકિત અને સંગીત ભેગા થાય ત્યારે વાતાવરણ દિવ્ય બને છે. એ વાતાવરણથી બધાને દિવ્ય ચેતનાના સ્પર્શનો અનુભવ



થાય છે. મને આશિષ આપો કે ભકિત અને સંગીતના માર્ગે મારો પ્રયત્ન ચાલુ રહે અને પ્રગતિ થતી રહે. ● કુદરતની કૃપા ઘણાં વરસો પહેલાં સંસ્થાના શુભેચ્છક સ્વ.નાનજીભાઈ કક્કડે એક કુવો ખોદાવી તેના પર ઓવારે હેડ ટેન્ક મુકાવી દીધી છે. તેનાથી થોડો સમય પાણીની રાહત થઈ. પરંતુ હવે તો એ કુવો ઘણો ઊંડો ઉતરી ગયો છે. તેના પાણી ખૂટી ગયા છે. છેલ્લાં ત્રણચાર વરસથી પાણી માટે વલખાં માર્યા. બે-ત્રણ જગ્યાએ નિષ્ણાંતોની સલાહ લઈને ધાર્મિક પાઠપૂજા સાથે બોરીંગો કરાવ્યા. તેમાં પણ નિષ્ફળતા મળી. પરંતુ હમણાં બે માસ પહેલા કોઈને પૂછ્યાં વિના જ બાલદેવવનના દરવાજા પાસે ૬ ઈંચનું બોરીંગ કરાવ્યું. તેમા માત્ર ૨૫ ફૂટે પાણી નીકળ્યું ! કુદરતની કૃપા થઈ છે. હાલ તો આ બોર વધુ ૧૦૦ ફૂટ ઊંડો કરાવી લીધો છે. તેના ઉપર ઓવરહેડ  બાંધી ટાંકી બાંધી લેવાનું કામ તાબડતોબ શરૂ કરાવી દીધું છે. વિશ્વ હિન્દુ પરિષદ ઓફ અમેરિકાના શુભેચ્છકોએ ઉદાર સ્વૈચ્છિક સહાય અગાઉથી મોકલી જ છે. પાણી મેળવવાના અથાક પ્રયત્નમાં ઈશ્વરની કૃપાથી કુદરતની સહાય મળી છે.

● **જુન :** શિશુવિહાર ટપાલ પેટીમાંથી વડોદરાથી શ્રી મુકુન્દભાઈ કામદાર લખે છે : ''કુશળ હશો. આપે છપાવેલ કાર્ડ ''બાળક જેવું જોવે તેવું શીખે છે.'' મારા વાંચવામાં આવ્યું. ઘણું સારું છે. આ વિષે ઘણાં મા-બાપોને ખ્યાલ નથી તેથી બાળકોને પરેશાન થવું પડે છે અને મા-બાપને પણ ઘણું સહન કરવું પડે છે.આવા કાર્ડ છપાવીને તેની યોગ્ય વહેંચણી કરીને ઉપયોગી થવા બદલ સંસ્થાને ધન્યવાદ. મે આ કાર્ડની ઝેરોક્ષ કોપીઓ કઢાવીને મારા મિત્રોના દીકરા-દીકરીઓને તથા પુત્રવધુઓને આપેલ છે. **આદાન-પ્રદાન :** બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય તરફથી શ્રેષ્ઠ યુવકોનો સન્માન સમારંભ થયો. તેમાં સન્માનિત થયેલ ૬૦ યુવાનોને શિશુવિહાર તરફથી રૂ. ૪૫૦ની કિંમતનાં ઉપયોગી પુસ્તકો ભેટ અપાયા. ● જૂનાગઢ જિલ્લાના ભલગામની શાળાના પુસ્તકાલય માટે સામયિકો તથા ઉપયોગી પુસ્તકો ભેટ મોકલાયા છે. ભાલપ્રદેશ મહિલા મંડળને ગ્રામ વિસ્તારમાં પ્રોઢ શિક્ષણના કામમાં ઉપયોગી થાય તેવું સાહિત્ય મોકલ્યું છે. ● ભાવનગરની એકસલ ઈન્ડસ્ટ્રીઝ દર વરસે વેકેશનમાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સર્વાંગી તાલીમ ગ્રીષ્મ વર્ગ ચલાવે છે. આ વર્ગની પુર્ણાહુતીનો મનોરંજનનો કાર્યક્રમ શિશુવિહારની રંગભૂમિ ઉપર ઉજવાયો હતો. ● ભાવનગર જિલ્લા પંચાયત તરફથી યોજવામાં આવેલ ગ્રામ શિક્ષકની તાલીમ શિબિરમાં ભાગ લેવા આવેલ શિક્ષકો સંસ્થાની મુલાકાતે આવ્યા હતા. તેઓને સંસ્થા તરફથી ઉપાહાર તથા પુસ્તકો અને પત્રિકાઓ આપવામાં આવેલ. શિશુવિહારનો છઠ્ઠો શ્રેષ્ઠ નાગરિક સન્માન સમારંભ અને ત્રીજો શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારંભ તા.૨-૬-૯૬ના રોજ ઉજવાયો. શ્રેષ્ઠ નાગરિક તરીકે શ્રી ઘનશ્યામસિંહ યુ. વાજાનું અને શ્રેષ્ઠ શિક્ષક તરીકે શ્રી પ્રતાપરાય તુળજાશંકર આચાર્યનું સન્માન થયું. આ બંને મહાનુભાવોનો અત્યંત ટુંકો છતાં પ્રેરદાયી પરિચય નીચે મુજબ છે : **શ્રેષ્ઠ નાગરિક :** શ્રી ઘનશ્યામસિંહજી યુ. વાજા ૪૯ વરસના આ આદરણીય મહાનુભાવ ભાવનગરના વતની છે. આલ્ફ્રેડ હાઈસ્કુલમાં, આઈ.ટી.આઈ. માં અને એલ.એસ.જી.ડી.માં અભ્યાસ કરેલ છે. ઈન્ડિયન નેવીમાં દસ વરસ નોકરી કરી. તે દરમિયાન પાકિસ્તાન સાથેની લડાઈમાં 'સંગ્રામ મેડલ' મળ્યું. જાન્યુઆરી ૧૯૭૭ થી પહેલાં ભાવનગર નગરપાલિકામાં ફાયર બ્રિગેડ સુપરીન્ટેન્ડટ તરીકે અને ત્યારબાદ ભાવનગર

મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફીસર તરીકે ૧૯ વરસ એકધારી સેવા આપી છે. તેઓની પ્રશંસનીય કામગીરીની કદરરૂપે જાન્યુઆરી ૧૯૯૬માં રાષ્ટ્રપતિ તરફથી તેઓને ''ફાયર સર્વીસ મેડલ ફોર મેરીટોરિયસ સર્વીસ'' એનાયત કરવામાં આવેલ છે.

● શ્રેષ્ઠ શિક્ષક : શ્રી પ્રતાપરાય તુળજાશંકર વ્યાસ જન્મ તા.૩૧-૧-૧૯૯૨. ઉંમર વર્ષ ૭૫. વતન ભાવનગર. પિતાનો વ્યવસાય ગોરપદુ. માતા નંદુબહેન. અભ્યાસ S.S.C. ગિજુભાઈના બાલ અધ્યાપન મંદિરમાં બાળ શિક્ષણની તાલીમ લીધી. રાષ્ટ્રભાષા હિન્દીના વિનીત થયા. ઘરશાળા ના આજીવન શિક્ષક, ઘરશાળા બાળમંદિરમાં ૧૨ વરસ, પ્રાથમિક શાળામાં ૮ વરસ અને હાઈસ્કૂલમાં ૨૦ વરસ શિક્ષણ કાર્ય કર્યુ. ઘડિયાળ સામે જોઈને નહીં, રાતદિવસ અવિરત શિક્ષણકાર્ય કર્યુ. પોતે આજીવન અપરણિત રહ્યા. વિદ્યાર્થી આલમને જ પોતાનું કુટુંબ ગણ્યું. શિક્ષણને જ જીવનધ્યેય બનાવ્યું. પ્રતાપભાઈ રમત ગમતના ભારે શોખીન. રમવું-રમાડવું ખૂબ ગમે. પ્રવાસ એનો પ્રિય વિષય. વિદ્યાર્થીઓ સાથે અસંખ્ય પ્રવાસો કર્યા છે. વ્યાયામની પ્રવૃત્તિમાં ઘણો રસ. ભાવનગરમાં મોતીબાગ અખાડાના સ્થાપક પૂજ્ય સ્વામીરાવ, બાઉદિનભાઈ અને ડૉ.કાણે સાહેબની પ્રેરણાથી ગુજરાત-મહારાષ્ટ્રમાં વ્યાયામ શિબિરોનું સફળ સંચાલન કર્યુ છે. વ્યાયામ સાથે માલીશ શીખી લીધું. કમરના દુખાવાના અસંખ્ય પથારીવશ દરદીઓને માલીશની સારવારથી સાજા કર્યા છે. શિક્ષણ, રમતગમત, વ્યાયામ, સ્વીમીંગ, વોલીબોલ, સ્કેટિંગ વગેરે એમના ખાસ શોખના વિષયો છે. આજે પણ દરરોજ કૃષ્ણનગર સેવા મંડળમાં ૧૫૦ થી ૨૦૦ જેટલાં કિશોરોને સ્કેટીંગની તાલીમ આપે છે. પ્રજા ઘડતરના અને ચણતરના સર્વાંગી વિકાસના શિક્ષણ-કાર્યમાં શ્રી પ્રતાપભાઈ એ જીવન સમર્પણ કરેલ છે. આવા સાચા શિક્ષકને અને તેમના સેવાભાવી જીવનધ્યેયને સલામ !

● **ઓગસ્ટ :** શિશુવિહારની ટપાલપેટી : અમદાવાદથી સદવિચાર પરિવારના સંચાલક શ્રી હરિલાલ વી. પંચાલ લખે છે : 'ખુદાનો ખેપિયો' પુસ્તકનું ઠેર ઠેર સમૂહ વાંચન થાય તે માટે આપે સદ્ભાવભરી તૈયારી બતાવી તેથી ખુબ આનંદ થયો. બધી જ જેલમાં આ પુસ્તક મોકલીને કેદી ભાઈઓને વાંચી સંભળાવાય તે માટેનો પ્રયાસ હાથ ધર્યો છે. આ સાથે નમ્ર ભેટ તરીકે ૨૫ પુસ્તિકા મોકલી છે. ભાવનગરની શાળા-કોલેજોમાં તેનું વાંચન થાય તેવો પ્રયાસ કરવા વિનંતી. વધુ પુસ્તિકાની જરૂર હોય તો મંગાવી લેશો. ● વલસાડ જિલ્લાના ધરમમપુર તાલુકાના પિંડવળ ગામે સ્થાઈ બનીને સર્વોદયનું કામ કરતાં શ્રી કાંતાબેન તથા શ્રી હરવિલાસબેન ''હરિશ્ચંદ્ર'' લખે છે : દૂર-સુદૂર ધરમપુરનાં જંગલોમાં બેઠેલાં અમને યાદ કરીને પત્ર લખ્યો તથા પુસ્તકો મોકલ્યાં તે બદલ ખરેખર આભારી છીએ. તમારું જીવન અને કાર્ય અમને હંમેશાં પ્રેરણા આપતું રહે છે. હમણાં અમે ૧ થી ૩ ધોરણ સુધીનું સરકાર નિરપેક્ષ, અમારા ટ્રસ્ટ દ્વારા ચાલતું સર્વોદ્દય વિદ્યાલય શરૂ કર્યુ છે. અમે અન્ન, વસ્ત્ર(ખાદી) આવાસ, આરોગ્ય અને શિક્ષણ આ પાંચ કાર્યક્રમોને કેન્દ્રમાં રાખીને યથા-શકિત મતિ કાર્ય કરીએ છીએ. ● દ્વારકાથી શ્રી ઈશ્વરભાઈ પરમાર લખે છે : બાલશિક્ષણની 'આચાર સંહિતા' ની પુસ્તિકા મળી છે. વિમુબહેને તેમાં સરલ ભાષામાં શિશુહિતાર્થે ઉપયોગી સૂચનો આપ્યાં છે. બાળકેળવણીનો અનુભવ અને શિશુભકિતની નીપજ કહી શકાય તેવી આ પુસ્તિકા વાલીઓ તથા શિક્ષકોને સુલભ કરી આપીને



શિશુવિહારે બાલમંદિરની સાર્થકતાને પ્રેરણા આપી છે.

**વેકેશન વર્ગો :** દર વરસે ઉનાળાની રજામાં શિશુવિહારમાં હસ્ત ઉદ્યોગના તથા કળાકારીગરીના અનેકવિધ વર્ગો ચાલે છે. ગયા મે તથા જૂન માસમાં નીચે મુજબ વર્ગો ચાલ્યા હતા : તા. ૭ થી તા. ૩૦ વાર્તાપરબ, તા. ૧૩ થી તા. ૨૫ ચિત્રવર્ગ, તા. ૧૩ થી તા. ૧૮ કાર્ડ વર્કશોપ, તા. ૨૦ થી તા. ૨૫ ઈન્ડોર ગેઈમ્સ, તા. ૨૬ થી તા. ૧ ટોયઝ વર્કશોપ, તા. ૨૬ થી તા. ૬ હસ્ત ઉદ્યોગ, તા. ૧૦ થી તા. ૧૪ થર્મોકોલ વોલપીસ : ઉપર મુજબના વર્ગોમાં કુલ ૧૮૬ નાના-મોટા ભાઈ-બહેનોએ તાલીમ લીધી છે. વાર્તાપરબમાં બાળકો સવારે આવી મનગમતી વાર્તા વાંચે ત્યાર પછી એક બાળક વાર્તા કહે એવો કાર્યક્રમ રહ્યો. ચિત્રવર્ગમાં બાળકોને વિવિધ ચિત્રો કરાવ્યાં તથા બાલ-દેવવનમાં મુકત રીતે હરતા-ફરતા ચિત્રો કરવાની છૂટ આપી. આ પ્રયોગથી બાળકોએ હિંચકા, લપસણા વગેરેના સુંદર ચિત્રો કર્યા. ક્રેયોન ચિત્ર, સ્પ્રે ચિત્ર, પેપર કોલાઝ આમ વિવિધ ટેકનિકથી બાળકોને ચિત્રકામ કરાવવામાં આવ્યું. ઉપરના બધા વર્ગોનું સંચાલન ઈન્દાબેન ભટ્ટે તથા અવની ભટ્ટે કર્યુ. બાલમંદિરમાં જૂન ૧૯૯૬ થી દાખલ થયેલાં નવાં બાળકોને હેળવવાનો ખાસ વર્ગ ઉનાળાની રજાઓમાં ૨૨મી મે થી ૩ જૂન સુધી ચાલ્યો હતો. આ વર્ગમાં બાળકોની સંખ્યા ૮૦ હતી.

● **સપ્ટેમ્બર :** મારી માન્યતાનું અન્યની જાણ માટે નમ્ર નિવેદન : ગયા વર્ષે વૃષભ પુરાણ રજૂ કરેલ કારણ કે વૃષભના ગુણો જીવનમાં ઓતપ્રોત કરતા જીવનનો સાચો લ્હાવો માણેલ એટલે વૃષભ પુરાણ કરેલ. આ વર્ષે ગર્દભ પુરાણું રજૂ કરવાનો સંકલ્પ હતો. કારણ કે ગુરૂ દત્તાત્રેય ભગવાને ૨૪ ગુરૂઓ કરેલા-માનેલા તેમાં ગધેડાને સ્થાન હતું કે નહીં તેની ખબર નથી. પરંતુ બાળકોની આત્મજ્યોતિને જગાવી પ્રકાશમાન કરનારા પૂજ્ય ગિજુભાઈ ગધેડાના સાચા કદરદાન હતા. ગધેડા પર તેઓને વહાલ હતું. ઉપરાંત ગધેડા ઉપર બાળવાર્તાઓ પણ લખેલી. તેવી જ રીતે પૂજ્ય મોટાને એક જન્મદિન સમારંભમાં તેમના ભકતજનોએ સોનાનો મુગટ પહેરાવ્યો. ફોટોગ્રાફરને તેના ફોટા પાડતા અટકાવી બોલ્યા : ઉભા રહો, હું હમણાં આવુ છું. એમ કહી દોડતા ચાલ્યા ગયા. કયાંકથી કાળો પાકો રંગ મેળવીને મુગટ પર લખ્યું, ''મોટો ગધેડો''. અને પછી તે મુગટ પહેરીસ્વસ્થાને બેઠા કે તરત જ ફોટોગ્રાફરો એ જોયા-જાણ્યા-સમજ્યા વિના જ પૂજ્યભાવે પટોપટ ફોટાઓ પાડવા માંડયા. એકઠાથયેલા ભકતજનો મોટાને પહેરાવેલ સોનાના મુગટ ઉપર ''ગધેડો'' જોઈ આશ્ચર્ય મુગ્ધ થયા. અને પૂ.શ્રી મોટા ખડખડાટ હસી પડયા અને બોલ્યા, આ ગધેડાને ય તમે ઠીક શણગાર્યો છે.

એટલે મનેય આ પૂજ્યશ્રીની વાત યાદ આવી મિત્રો મારા ૮૮માં જન્મદિવસે કહીશ કે તમારૂં કામ તમારે એકલાએ જ કરવાનું છે. - સાચુ' હશે તો અણચિંતવ્યો જ તમામ પ્રકારનો સાથ સહકાર અવશ્ય મળશે.

એકલો કરને એકલો કરને, એકલો તારું કામ, કામ કર્યે જા આંખો મીંચીને, આનંદ એનો માણ...એકલો

કોક કરે એમ તું કરે તો, કામ છે તારું ખોટું, નિષ્ઠાપૂર્વક, હૈયાસૂજે, કામ થાયે તે સાચુ,...એકલો

જગ આખું છે નરઘા જેવું, જેમ થાપો એમ થાય, એના સામું જોઈશ તો તારું, એળે જાશે બધું કામ... એકલો

આ કર્યુ ને ઓલ્યું કર્યુ મે, ન આણજે અભિમાન, તારા કામનો અહં જાગ્યેથી, તે કરશે તારો નાશ...એકલો

જનકૃપાએ, પ્રભુકૃપાએ, મળ્યા છે હૈયું ને હામ, હૈયે તેને વળગાડીને, કર્યે જા તારું કામ...એકલો

સાથ નથી,સહકાર નથી, એમ માની નથાતો નિરાશ, નિષ્કામ ભાવના સર્વ કાર્યોમાં, પ્રભુ આપે...એકલો

માન મોહની અંતર આશે, ઉભી થાશે માયાજાળ, મૂળ કામોબાધા અટકી જાશે, ને થાશે નાશ તારો...એકલો

કોઈને માટે કાંઈ કરતો નથી, જાત તારી સંભાળ, નિઃસ્વાર્થ ભાવે જાત સંભાળે, તો તારો થશે ઉદ્ધાર...એકલો

● **ઓકટોબર :** **શિશુવિહારની ટપાલપેટી :** માનભાઈના જન્મદિવસે કથક નૃત્યના ખ્યાતનામ કલાકાર અને આઝાદીની લડતના સ્વાતંત્ર્ય સૈનિક શ્રી હિંમતસિંહજી ચૌહાણ બારડોલીથી લખે છે : ઉમ્મર તો ઢોળાઈ ગયેલા દૂધ જેવી છે. બુદ્ધિ, સમજણ અને વાણી એ ત્રણેનાં ઉપર સંપૂર્ણ કાબૂ સાધીને સજાગ રહીને જીવન ચાલે છે. પ્રેમ અને વિશ્વાસ રાખીને જ હવે જીવવું, જેથી વૃદ્ધપણે બુદ્ધિનું દેવાળું નીકળે નહીં. મારા જીવનમાં મેં આ નિયમ અપનાવી લીધો છે, તેથી ખૂબ આનંદ થાય છે. જનસેવા એજ ભગવાનની સાચી સેવા છે. બાળકો જ સાચા ભગવાન છે. બાળકોના જીવન ઘડતરમાં રાતદિવસ સેવા આપનારાઓ જ સાચા સંત છે.

**વાલીસભા :** બાલમંદિરમાં વાલીસભા અત્યાર સુધી ચાલુ કામના દિવસે રાખતા હતા. તેથી વાલીઓ સાથે નિરાંતે બેસીને વાતો થતી નહોતી. તેથી હવે વાલીસભા રવિવારની રજાને દિવસે રાખવાનું નક્કી કરેલ છે. રજાને દિવસે અનુકૂળતા વધારે રહે. રવિવારની પહેલી વાલીસભામાં પ્રાર્થના અને પ્રાસંગિક પ્રવચન પછી મુરબ્બી માનભાઈ, ડો.ઉમાકાંતભાઈ, દક્ષિણામૂર્તિ બાલમંદિરના સંચાલક શ્રીમતી વિમુબહેને તથા સર્વોદય સેવક શ્રી અરૂણકુમાર ભટ્ટે વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું. બાલમંદિરના સંગીત શિક્ષક શ્રી દર્શકભાઈ ઓઝાએ તથા શિક્ષિકાબહેનોએ બાલગીતો સંભળાવ્યાં હતાં. બાળકોએ અભિનય કરી સૌનું મનોરંજન કર્યુ હતું. વાલીસભાના અંતે સૌને પ્રેમોદી અને શીંગપુરીનો ઉપહાર પીરસાયો હતો.

● **નવેમ્બર :** **૪૬મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ :** દરિદ્રનારાયણના ભકતસમા ઉર-આશા ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શિશુવિહારમાં દર વરસે શરદપૂનમ ઉપર 'સ્વામીની તન્મયાનંદ સરસ્વતી' પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાય છે. આ વખતનો ૪૬ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તા.૨૬ થી ૩૧ સુધી રાખેલ. જરૂરિયાતવાળા ૮૧ દરદીઓ જ દાખલ થયા. તેમાં ૫૪ સ્ત્રી દરદીઓ અને ૨૭ પુરુષ દરદીને વિનામૂલ્યે સર્જરીની સુવિધા અપાઇ હતી.

**શિશુવિહારના પ્રકાશનો :** તંદુરસ્તી તમારા હાથમાં, તમે જ તમારા વૈદ્ય-ડોકટર બનો : સંપૂર્ણ તંદુરસ્તી માટેનાં સરળ ઘરગથ્થુ ઉપાય. પ્રકાશક : શિશુવિહાર, કિંમત રૂ. ૬ ઉપરોકત પુસ્તક છપાયું કે તરત જ તેની પહેલી અને બીજી આવૃત્તિની ૨૦,૦૦૦ પ્રતો ઉપડી ગઈ. ત્રીજી ૧૦,૦૦૦ નકલ છપાવી તે પણ પૂરી થવા આવી છે. ચોથી આવૃત્તિ છપાઈ ગઈ છે. શિશુવિહારે અત્યાર સુધીમાં ૨૦૦ જેટલી નાની-મોટી પુસ્તિકાઓ પ્રગટ કરી છે. તેમાં કેટલાક પુસ્તકોની પ્રતો એક લાખનો આંકડો વટાવી ગઈ છે. ''તંદુરસ્તી તમારા હાથમાં'' પુસ્તકનો એટલો બધો ઉપાડ થાય છે કે કદાચ અત્યાર સુધીના બધા



પુસ્તકોમાં તે આગળ નીકળી જશે.

**સંસ્થાની પ્રવૃત્તિઓ : દૈનિક ભીંતપત્ર :** સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં ભીંતપત્રની નિયમિત પ્રવૃત્તિ ઘણાં વરસોથી ચાલ છે. જો કે સંસ્થાની પ્રવૃત્તિઓની યાદીમાં તેનું નામ હજુ સુધી નથી લખાયું, તેમ છતાં તેનું કામ ઘણું મહત્વનું રહ્યું છે. આ ભીંતપત્રના તંત્રી અને પ્રકાશક મુ. માનભાઈ છે. અત્રે આ પ્રવૃત્તિનો ખાસ ઉલ્લેખ એટલા માટે કરવો પડે છે કે આજની કાગળની અને છાપકામની અસહ્ય મોંઘવારી છે કે એક નાની પત્રિકા પાછળ પણ પાંચસો રૂપિયાનો ખર્ચ થઈ જાય છે. જ્યારે ભીંતપત્રો ઉપર રોજ-બરોજના સુવિચારો, સંસ્થા સમાચારો, લોકશિક્ષણના જરૂરી સૂચનો અને જાહેરાતો છૂટથી લખી શકાય છે. શિશુવિહારના મુખ્ય દરવાજાની બાજુની વંડીની ભીંતને કાળી રંગીને ભીંતપત્ર બનાવી દીધેલ છે. ભીંતપત્રનું લખાણ શિશુવિહારના રસ્તે જતાં આવતાં અને શિશુવિહારમાં આવતાં અસંખ્ય ભાઈ-બહેનોને ઉપયોગી વાંચન વિના મૂલ્યે પૂરું પાડે છે. આપણા જાણીતા ગ્રામ-સેવક અને લોકસેવક સ્વ.બબલભાઈ મહેતાએ ગામડાઓમાં લોકશિક્ષણનો ફેલાવો કરવા ભીંતપત્રના પ્રયોગ બહુ સફળ રીતે કરેલો. એમણે તો ભીંતપત્રના દૈનિક પ્રકાશનની એક પુસ્તિકા પણ લખી હતી.

**શિશુવિહારનો ઈલેક્ટ્રીક તાલીમવર્ગ :** જેના ઘરમાં વિજળી હોય તે સૌને વિજળીનું પ્રાથમિક જ્ઞાન તો હોવું જ જોઈએ. પછી જેમને અભ્યાસ કે ધંધાદારી પ્રવૃત્તિમાં જોડાવાનું હોય તેને જો આ પ્રાથમિક જ્ઞાન હોય તો વધુ સમજભરી અનુકૂળતા રહે. એટલા માટે વર્ષોથી સંસ્થાના પાયાના કાર્યકર શ્રી ઓધવજીભાઈ મુંજપરા પાસે કોઈ ડીગ્રી ન હોવા છતાં વિજળીનાં અત્યંત જાણકાર હોઈ તેમણે ૧૯૪૨ થી શિશુવિહારમાં આ અંગેના વર્ગો અખંડિત ૧૯૮૩ સુધી ચલાવી સેંકડો ભાઈ-બહેનોને તાલીમ આપી છે. તેઓનું મે-૮૩ માં અવસાન થયા પછી તેમના પુત્ર શ્રી દિલીપકુમારે આ સેવાકાર્ય ઉપાડેલ. પરંતુ તેમને ધંધાર્થે બહારગામ જવાની જરૂર પડતા જાન્યુઆરી-૯૫થી આ વર્ગ બંધ રહેલ. હવે એકસલ ઈન્ડસ્ટ્રીઝમાં ઈલેકટ્રીશિયન તરીકે કામ કરતા ભાઈ શ્રી નરભેરામ બૌરૈયાએ આ સેવાકાર્ય સ્વીકારતા વર્ષ ૧૯૯૫-૯૬ માં ૨૩૪ વિદ્યાર્થીઓને વિજળી અંગેના સામાન્ય જ્ઞાનની તાલીમ આપી છે. કદાચ અતિશયોક્તિ ગણાય પરંતુ સરકારી ક્ષેત્રે જે જ્ઞાન એક વર્ષે મળે તે જ્ઞાન માત્ર પંદર જ દિવસના ગાળામાં અહીં મળી શકે છે. હવે પછીના વર્ગો નવા વર્ષથી શરૂ થશે.

● **ડિસેમ્બર :** ગર્દભની ગણેશ સતુતિ : ડૉ.રાધેકાન્ત દવે : ન્યુયોર્ક
હે ગદર્ભ ગણેશ ! પરથમ પહેલો તમને નમું, હરજો તમ મુજ વિઘ્ન સહુ. કરજો મમ શુભ કાર્ય સહુ પૂંછાળા દુઃખ ભંજણા ! હે ગદર્ભોના ગણાધિપતિ ! સુણજો વિનંતી તમ દાસની, પાપીઓમાં પાપીની, મૂઢની...ભાર ઉતારો, ભાર ઉતારો, ભાર ઉતારો, પ્રભુજી ! ભાર ઉતારો મારો. ઉતારો ગાંસડાં-પોટલાં મુજ પીઠ પરથી, બચાવો ડફણા મારનાર આ માનવ-ચમથી, મરડાઇ મરડાઈને સોજી ગયા છે કાન, ઉમરડાઈને વળી ગયું વાંકુ સુંદર પૂંછડુ, તારજો આ દાસને, ઉદ્ધારજો આ ભકતને. પ્રભુ ! ઘોડો નથી થાવું મારે, એ વર ન માગું હું. એટલું જ માગું છું હું, સ્વીકાર કરે લોકો મુજ ગધેડાનો ગધેડા તરીકે. હઈડ હઈડ ન કરે કદિ, કદર કરે મુજ કામની, સેવાઓની. બીજું ફળ ન આપો મુજને, હું તો છું નિષ્કામ. ભગવાન ! ગધેડાને પણ હોય છે લાગણી સુદ દુઃખની, ગધેડાને પણ હાય છે ભાવના માન-અપમાનની, ગધેડાની સાથે પણ ઘટે છે દાખવવું સમસ વેદન, ગધેડાના દેહમાં પણ હોય છે આત્મ અવિનાશ. હે રાસભોના ગણેશ્વર ! જાણે છે સહુ કે ગધેડાને ભાવે છે ગાજર. છતાં રાખે છે તેના નાકથી એક આંગળ દૂર. કયારેય, શું કદિ યે ખાવા નહીં મળે મુકત મનથી ગાજર મને? વરદાન આપો પ્રભુ ! ગધેડો કદિ યે હાસ્યનું આલંબન નહીં બને આજથી !

ગધેડો કદિ યે મજાકનું ઉપકરણ નહીં બને આજથી ! નીંભાડાથી ઘર સુધી, ઘરની નદી ઘાટ સુધી, નદી ઘાટથી ખેતર સુધી, ખેતરથી નગર હાટ ! બસ, આટલું જ ફરવાનું મારે ? શા માટે, પૂભુ ! શા માટે? ઘોડાનું માન ન આપતા મને. સ્વધર્મ જ ભલો છે મને. પણ હે વિઘ્નેશ ! પ્રતિષ્ઠા કરજો મુજ ગદર્ભની ગદર્ભ તરીકે આ સંસારમાં, આ વિશ્વમાં. હે ગદર્ભ-ગણેશ ! છેલ્લે પાછો તમને નમું. હરજો મુજ તમ વિઘ્ન સહુ. કરજો મમ શુભ કાર્ય સહું, પૂંછાળા દુઃખ ભંજણા !

●

## શ્રદ્ધાંજલી



### સ્વ.વિનોદભાઈ ગૌરીશંકર ચાતુર્વેદી

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ-ગાઈડ સંઘના પ્રથમ હિમાલય વુડબેઝ સ્કાઉટર અને વિદ્યાર્થિઓના અતિ પ્રિય શિક્ષક સ્વ.વિનુભાઈ ચાતુર્વેદીની વિદાયથી શિશુવિહારને એક સંનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. સંસ્થાના આજીવન સભ્ય તરીકે વર્ષ ૧૯૬૯ થી '૭૮ દરમિયાન કારોબારી સભ્ય તરીકે ભાવનગર જીલ્લામાં સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિ વિસ્તારનાર આજીવન શિક્ષકની વિદાયે સ્કાઉટ વંદન.

**• અંતિમ વિદાય લેનાર આજીવન સ્કાઉટ શિક્ષકની વાત •**

આ અચેતન દેહ પર પુષ્પ કે પુષ્પમાળા ન ઘરવા વિનંતી. ફુલો ચેતન છે અને એક ફુલમાં અનેક ફુલો છે. આપ સૌ જે કંઈ કરશો તે મને દેખાવાનું નથી. ગંગાજળ મુખમાં ન પધરાવશો. મારા અચેતન દેહને સ્મશાને જઈને અગ્નિદાહ દેવાનો નથી. મારી આંખો તદ્દન સારી છે. અવશ્ય વહેલી તકે ચક્ષુદાનમાં આપશો. મારા પગથી માથાં સુધી એક પણ સાંધામાં કશી જ તકલીફ નથી. આથી ડૉકટરી વિદ્યા ભણનાર વિદ્યાર્થીઓને સોંપી આ અચેતન દેહનું દેહદાન દઈ દેશો. લાકડાં તથા અગ્નિને ન સોંપશો. મારા અસ્થિઓ લેવાના નથી તેની કોઈ વિધી કરવાની નથી. બેસણું કરવાની ઈચ્છા હોય તો આપણી જ્ઞાતિની વાડીમાંજ રાખશો. મરણ પછીની કોઈ વિધિ કરવાની નથી. માત્ર મુક આશ્વાસન આપજો. આત્મા તો કયારનો રવાનો થઈ ગયો છે. અચેતન દેહ તો દેહદાન ન થાય ત્યા સુધી આ મૃત્યુલોકમાં છે. મૃત્યુ અશુભ નથી. કુદરતી પ્રક્રિયા છે. આનંદથી રજા આપશો. આ આત્મા સારા માર્ગે જશે તેની મને ખાત્રી છે. મારો આત્મા શાંત છે. તેની શાંતિ-પ્રાર્થના થાય તે આનંદ. માત્ર આ આત્મા નવાં ખોળિયામાં ગયો છે. અને પણ પ્રગતિ માટે કે વિકાસના પંથે ગયો છે.

મારા બન્ને બાળકોથી સંતોષ છે. કોરોનાની બિમારી દરમિયાન જ મારો પુત્ર મેહુલ અને પુત્રી દીપલની સેવા અદ્ભુત રહી છે. મારું હૃદય મેહુલ છે. અને પ્રાણ એ મારી દીપલ છે. સહુને પ્રણામ...



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: 'શિશુવિહાર'

SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar (Facebook)
Shishuvihar Bhavnagar (YouTube)
Shishuvihar (Instagram)
Shishuvihar (Play Store)

પરામર્શ સમિતિ : સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199